dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 277 | AD - 2025, Ashadh Vad-01 | Friday, Dt.11-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા જ

# વોટર લિસ્ટ રિવિઝન પર રોક લગાવવા સુપ્રીમ કોર્ટનો ઈનકાર

ન્યુ દિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટે ગુરુવારે બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા વોટર લિસ્ટ રિવિઝન પર રોક લગાવવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આધાર, મતદાર ઓળખપત્ર અને રેશનકાર્ડને ઓળખ કાર્ડ તરીકે ગણવા કહ્યું હતું. હવે આગામી સુનાવણી ૨૮ જુલાઈએ થશે.કોર્ટે લગભગ ૩ કલાક સુધી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) એટલે કે વોટર લિસ્ટ રિવિઝન મામલે સુનાવણી કરી હતી. અરજદારોનો આરોપ છે કે વોટર લિસ્ટ રિવિઝન નિયમોને અવગણીને કરવામાં આવી રહ્યું છે. મતદારોની નાગરિકતા તપાસવામાં આવી રહી છે. આ કાયદાની વિરુદ્ધ છે. આ દરમિયાન, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને પૂછ્યું કે તેઓ બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)માં નાગરિકતાના મુદ્દામાં શા માટે પડી રહ્યા છો? જો તમે કોઈ વ્યક્તિનું નામ ફક્ત દેશની નાગરિકતા સાબિત કરવાના આધારે મતદાર યાદીમાં સામેલ કરો છો, તો આ એક મોટી કસોટી હશે. આ ગૃહ મંત્રાલયનું કામ છે. તમે તેમાં ન પડો.



RJD સાંસદ મનોજ ઝા, TMC સાંસદ મહુઆ મોઈત્રા સહિત ૧૧ લોકો દ્વારા SIR વિરુદ્ધ અરજીઓ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચ કરી રહી છે. અરજદાર વતી વકીલો ગોપાલ શંકર નારાયણ, કપિલ સિબ્બલ અને અભિષેક મનુ સિંઘવી દલીલ કરી રહ્યા છે. ચૂંટણી પંચનું પ્રતિનિધિત્વ ભૂતપૂર્વ એટર્ની જનરલ કેકે વેણુગોપાલ, રાકેશ દ્વિવેદી અને મનીન્દર સિંહ કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો તમારે આ કામ કરવાનું જ હતું તો તમે તેમાં આટલું બધુ મોડું કેમ કર્યું? ચૂંટણી પહેલા આ ન કરવું જોઈએ. આ દરમિયાન, જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ કહ્યું કે "તમારી પ્રક્રિયામાં કોઈ સમસ્યા નથી... સમસ્યા સમયની છે." કારણ કે જેમને યાદીમાંથી દૂર કરી શકાય છે તેમની પાસે તેની સામે અપીલ કરવાનો સમય જ નહીં રહે. જસ્ટિસ ધુલિયાએ વધુમાં કહ્યું, "આ પ્રક્રિયામાં કંઈ ખોટું નથી. સિવાય કે કોઈ વ્યક્તિને ચૂંટણી પહેલા મતદાન કરવાના અધિકારથી વંચિત રાખવામાં આવશે અને મતદાન પહેલાં તેની સામે અપીલ કરવાનો સમય નહીં મળે. એકવાર મતદાર યાદી ફાઈનલ થઈ જાય, પછી અદાલતો તેને હાથ પણ લગાવશે નહીં. જેનો અર્થ એ થયો કે વંચિત વ્યક્તિ પાસે ચૂંટણી પહેલાં આ યાદીને પડકારવાનો વિકલ્પ રહેશે નહીં. ૯ જુલાઈના રોજ, રાહુલ ગાંધી સહિત મહાગઠબંધનના નેતાઓએ બિહાર બંધમાં ભાગ લીધો હતો.











## મંજૂરી વગર મહિલાનો ફોટો સોશિયલ મીડિયા પર મૂકશો તો કાર્યવાહી થશે

(એચ.એસ.એલ),બેંગ્લુરૂ,તા.૧૦

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં પરવાનગી વગર મહિલાઓનો વીડિયો બનાવવા અને તેને સોશિયલ મીડિયા પર અપલોડ કરવા બદલ એક યુવકની ધરપકડ કરવામાં આવી છે. એક યુવતીએ સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે તેનો વીડિયો શહેરના ચર્ચ સ્ટ્રીટ પર રેકોર્ડ કરવામાં આવ્યો હતો અને પરવાનગી વગર અપલોડ કરવામાં આવ્યો હતો. હવે આ મામલો ચર્ચાનો વિષય બની ગયો છે અને લોકો આ ઘટના પર પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે.

ભારતમાં, આવા કિસ્સાઓમાં આઈટી એક્ટ અથવા ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ હેઠળ કાર્યવાહી કરી શકાય છે. આ કાયદાની કલમ ૬૬E પરવાનગી વિના વ્યક્તિના ફોટા લેવા અને તેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા પર પ્રતિબંધ મૂકે છે અને તેને ગોપનીયતાનું ઉલ્લંઘન માને છે. આમ કરવા બદલ સજાની જોગવાઈ છે. આવું કરવા બદલ દોષિતને ૩ વર્ષ સુધીની જેલ અથવા ૨ લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજા થઈ શકે છે. કલમ ૬૬E: પરવાનગી વિના કોઈના ગુપ્ત ભાગોના ફોટા લેવા અને તેને પ્રકાશિત કરવા એ ગુનાની શ્રેણીમાં આવે છે. દોષિતને ૩ વર્ષની જેલ અથવા ૨ લાખ રૂપિયા દંડ અથવા બંને સજા થઈ શકે છે. કલમ ૬૭: ઈન્ટરનેટ અથવા કોઈપણ ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા અશ્લીલ સામગ્રીનું પ્રસારણ કરવું એ ગુનો છે. દોષિતને પહેલી વાર ૩ વર્ષ સુધીની જેલ અને ૫ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. બીજી તરફ, જો બીજી વાર દોષિત ઠરે છે, તો તેને ૫ વર્ષ સુધીની જેલ અને ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.



















### માગણી પૂરી નહી થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી આપી

# બગસરામાં આંગણવાડી બહેનોએ પડતર માગણીઓ મુદ્દે સીડીપીઓને આવેદન આપ્યું

બગસરા,તા.૧૦

બગસરામાં આંગણવાડીની બહેનોએ તેમના પડતર પ્રશ્નો અને માગણીઓ મુદ્દે સીડીપીઓ અને મામલદારને ગુરૂવારે આવેદનપત્ર આપ્યું છે. તમામ મહિલાઓએ "હમારી માંગે પૂરી કરો...." ના નારા લગાવ્યા હતા. આંગણવાડીની બહેનો અને આશાવર્કરોએ પોતાની માગણી રજૂ કરેલ હોવા છતાં સરકારે આ પ્રશ્નોના નિરાકરણ માટે કોઈ પણ પ્રકારની બેઠક યોજેલ નથી. આથી ગુરૂવારે બગસરા પંથકની આંગણવાડીની બહેનો અને આશાવર્કર મહિલાઓએ આવેદન આપેલ છે. આ બહેનોએ દાવો કર્યો હતો કે, સરકાર દ્વારા તેમને જે મોબાઈલ આપવામાં આવેલ છે તે ડેટા એન્ટ્રીમાં ચાલતા નથી. નવા





મોબાઈલ આપવા જોઈએ અને ફિક્સ પગારમાંથી કાયમી પગાર ધોરણ આપવું જોઈએ. સરકાર દ્વારા આંગણવાડીઓને છેલ્લા ત્રણ માસથી બિલો ચૂકવેલ નથી તે બિલો ચૂકવવા જોઈએ. આ ઉપરાંત ડ્રેસ પણ આપવામાં આવેલ નથી. આ આવેદનપત્ર કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ પ્રધાન અન્નપૂર્ણા દેવીને સંબોધીને શહેરના મામલદાર તેમજ સીડીપીઓને આપવામાં આવ્યું હતું. તેમણે ચીમકી આપી હતી કે, જો અમારી માંગણી પુરી નહિ કરવામાં આવે તો અમો આ આંદોલનને વધુ જલદ બનાવીશું.

# અમરેલી-બાબરા હાઈવે પર માચીયાળા પાસેનો પુલ અતિ જર્જરિત હાલતમાં

અમરેલી,તા.૧૦

ગઈકાલે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો ગંભીરા પુલ ધરાશાયી થતા ૧૩ લોકોના મોત નિપજયા હતા. રાજયમાં અનેક જર્જરિત પુલ પડવાના વાંકે ઉભા છે છતાં જવાબદાર તંત્રની આંખ ઉઘડતી નથી. જાણે તંત્ર કોઈ ગંભીર અકસ્માતની રાહ જોતું હોય તેવું લાગી રહ્યું છે. જેમાં અમરેલીથી બાબરા



જવાના રસ્તે માચીયાળા ગામ પાસેનો પુલ અત્યંત જર્જરિત હાલતમાં ઉભો છે આ બાબતે તંત્ર સમક્ષ પુલનું સમારકામ કરવા અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં ન આવતા લોકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

# અમરેલીના રંગપુર-સણોસરા માર્ગની મરામત કામગીરી પૂર્ણ કરી દેવાઈ

અમરેલી,તા.૧૦

ભારે વરસાદથી અમરેલી તાલુકાનો રંગપુર સણોસરા માર્ગ અસરગ્રસ્ત બન્યો હતો. પાણીના તીવ્ર પ્રવાહથી આ રસ્તાની બન્ને બાજુએ વધુ માત્રામાં ધોવાણ થયું હતું. અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત વિભાગ હેઠળના આ રસ્તાનું મરામત




કાર્ય અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત તંત્ર દ્વારા ત્વરાભેર પૂર્ણ કરવામાં આવ્યું હતું. જેસીબી મશીનની મદદથી આ માર્ગનું જરુરી મરામત કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું. રસ્તાનું વધારે ધોવાણ ન થાય તે માટે માર્ગ મરામત માટેની આવશ્યકતા મુજબ પથ્થર અને રેતી - સિમેન્ટના મિશ્રણના ઉપયોગ થકી રસ્તાના સમારકામની કામગીરી અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

# સા.કુંડલાના આદસંગ ગામેથી ૨૩૪ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં દેશી વિદેશી દારૂનું ધૂમ વેચાણ થતું હોવાથી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે આ દારૂના દુષણને નાબૂદ કરવા માટે અમરેલી એલસીબીને સૂચના આપી હતી જેથી અમરેલી એલસીબી પોલીસ સાવરકુંડલા તાલુકાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી હોય તે દરમિયાન એલસીબીને માહિતી મળી હતી કે આદસંગ



ગામથી આદસંગ ચોકડી તરફ જતા રોડ પર આવેલ એક બંધ ભરડીયામાં વિદેશી દારૂનો જથ્થો પડ્યો છે જેથી પોલીસે બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા એક આરોપી દારૂની બોટલ સાથે ઝડપાયો હતો. આરોપીની પૂછપરછ કરતા તેમણે પોતાનું નામ પ્રકાશભાઈ ચાપભાઈ હુદડ રહે.આદસંગ, આથમણી શેરી હોવાનું પોલીસને જણાવ્યું હતું જયારે જસુભાઈ ચાપભાઈ સોંડીયા નામનો શખ્સ નાસી ગયો હતો. પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ.ની ૧૧ બોટલ, ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮૦ એમ. એલ.ની બોટલ નંગ ૨૨૩, ૨૦ લીટર દેશી દારૂ મળી કુલ રૂ.૨૮,૭૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# બજરંગ દળના સભ્યોએ તાપડીયા આશ્રમના મહંતના આશીર્વાદ લીધા

બાબરા,તા.૧૦

ગુરુપૂર્ણિમાના પાવન દિવસે બાબરાના તાપડીયા આશ્રમના મહંત ઘનશ્યામ બાપુ તથા રામાપીર આશ્રમના મહેશ નાથજીના આશીર્વાદ લેવા બાબરા બજરંગ દળ અધ્યક્ષ ઈન્દ્રજીતસિંહ ચૌહાણ તથા ઉપાધ્યક્ષ હરેશભાઈ ધોળકિયા તથા મંત્રી ભવાનભાઈ રાતડીયા તથા બજરંગ દળના


તસવીર : દિપક કનૈયા

સભ્ય રાજદીપસિંહ, સંજયભાઈ, રાહુલભાઈ, અલ્પેશભાઈ, અનિલભાઈ, બાલાભાઈએ સર્વે બજરંગ દળ વતી બાપુને શાલ ઓઢાડીને આશીર્વાદ લઈને બજરંગ દળ ટીમે ધન્યતા અનુભવી હતી.

### ગ્રામ્ય વિસ્તારોમાં દારૂનું ધૂમ વેચાણ થતું હોવાની ફરિયાદ બાદ પોલીસની કાર્યવાહી

# બગસરાના પીઠડીયા નજીક વિદેશી દારૂની ૨૦૭ બોટલ સાથે શખ્સ ઝડપાયો

બગસરા,તા.૧૦

બગસરા પંથકમાં દેશી-વિદેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યુ છે. બુટલેગરોને પોલીસનો જાણે કંઈ જ ડર ન હોય તેમ બેરોકટોક દારૂનું વેચાણ કરી રહ્યાં છે.

ત્યારે એલસીબી બગસરા તાલુકામાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા પીઠડીયા ચોકથી પીઠડીયા ગામ તરફ જવાના રસ્તે પાણીના ટાંકા પાસે કાચા રસ્તે અંધારામાં એક વિદેશી દારૂ ભરેલો બોલેરો પડ્યો હોવાની બાતમીને આધારે એલસીબી પોલીસે રેઈડ કરતા



બોલરો ગાડીમાંથી જુદી જુદી બ્રાન્ડની વિદેશથી દારૂની ૨૦૭ બોટલ સાથે કનુભાઈ જેઠસુરભાઈ ખાચર રહે. રંગપર તા. વાંકાનેર હાલ રહે. પરબડી તા. ધોરાજી વાળાની ધરપકડ કરી હતી. પોલીસે વિદેશી દારૂની બોટલ, બોલેરો ગાડી સાથે કુલ રૂપિયા ૫.૯૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# ચાંપાથળ-સાવરકુંડલા રોડ પરના કોઝ-વેનું મરામત કાર્ય શરૂ કરાયું

અમરેલી,તા.૧૦

અમરેલી તાલુકાના ચાંપાથળ ગામે શેત્રુંજી નદી પરનો કોઝ-વે અસરગ્રસ્ત થયો હતો. આ કોઝ-વેનું જરુરી મરામત કાર્ય થઈ શકે તે માટે તંત્ર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. વાહનચાલકોને સુગમતા રહે તે માટે આ કોઝ-વેનું કામચલાઉ



ધોરણે મરામત કાર્ય આરસીસી મટિરીયલ્સથી કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન પંચાયત હેઠળના ચાંપાથળ સાવરકુંડલા રોડ પરના આ કોઝ-વેની જગ્યાએ મેજર બ્રિજ બનાવવાનું પણ આયોજન માર્ગ અને મકાન પંચાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે. જેથી ચાંપાથળ સહિતના વટેમાર્ગુઓને અવરજવર માટે સુવિધામાં વધારો થશે.

# અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

**કાર્યક્રમ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું**

અમરેલી,તા.૧૦

અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ આયોજન અંતર્ગત કાર્યક્રમની શરૂઆતમાં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા સૌ



ગુરુજનોનું કુમકુમ તિલક, પુષ્પગુચ્છ તથા મોમેન્ટો આપીને સન્માન તેમજ અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વક્તૃત્વ સ્પર્ધામાં બી.કોમ. તથા બી.બી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં બી.કોમ. સેમ-૦૧ના વિદ્યાર્થિની દેવાંશીબેન સાવલિયા પ્રથમ ક્રમે, બી.બી.એ. સેમ. ૦૫માં અભ્યાસ કરતા મિત આજુગીયા દ્વિતીય ક્રમે તથા બી.બી.એ. સેમ. ૦૧માં અભ્યાસ કરતા ધારાબેન પરમાર તૃતીય ક્રમે રહ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# રાજુલા માર્કેટિંગ યાર્ડના પૂર્વ પ્રમુખ જીજ્ઞેશભાઈ પટેલનું બહુમાન કરાયું

રાજુલા,તા.૧૦

રાજુલા માર્કેટિંગ યાર્ડના પૂર્વ પ્રમુખ અને ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલની ઉત્કૃષ્ટ કામગીરી બદલ બહુમાન કરવાનો કાર્યક્રમ ભાજપના અગ્રણી અને યાર્ડના પૂર્વ ઉપપ્રમુખ મનુભાઈ ધાખડા દ્વારા સહકારી અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. રાજુલા માર્કેટિંગ યાર્ડ અને રાજુલા ખરીદ વેચાણ સંઘ તેમજ પટેલ સમાજના પ્રમુખ તેમજ


તસવીર : ગોપાલ રાઠોડ

અનેકવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા હોય ત્યારે રાજુલા માર્કેટિંગ યાર્ડના પૂર્વ ઉપપ્રમુખ એવા મનુભાઈ ધાખડા દ્વારા જીજ્ઞેશભાઈ પટેલનો ભવ્ય સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ તકે મનુભાઈ ધાખડા દ્વારા જીજ્ઞેશભાઈ પટેલને ફુલહાર તેમજ શાલ ઓઢાડી તેમણે કરેલી કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# સા.કુંડલામાં અખેડા વિસ્તારના પુલની દયનીય સ્થિતિથી લોકોને હાલાકી

**ખાડા અને રખડતી ગાયોનો પણ ભયંકર ત્રાસ**



સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલા શહેરના હૃદયસમા અખેડા વિસ્તારમાં આવેલા પુલની સ્થિતિ અત્યંત ચિંતાજનક બની છે. આ પુલ પર કમર તૂટી જાય તેવા ખાડા અને બીજી બાજુ રખડતી ગાયોનું સામ્રાજ્ય નાગરિકો માટે જોખમરૂપ બન્યું છે. રોજના હજારો વાહનો આ પુલ પરથી પસાર થાય છે, પરંતુ ખાડા અને ગાયોના ત્રાસથી વાહનચાલકોને જોખમ રહે છે. આ પુલની નજીકમાં એક શાળા છે, જ્યાં બાળકોને તેમના માતા-પિતા દરરોજ લઈ જવા-મૂકવા આવે છે. આવી દયનીય સ્થિતિમાં ગંભીર અકસ્માતનો ભય સતત રહે છે. પ્રશ્ન એ છે કે, જો કોઈ અકસ્માત થશે, તો તેની જવાબદારી કોણ લેશે? લોકો કહે છે કે, સ્થાનિક વહીવટી તંત્રને આગ્રહ કરીએ છીએ કે તાત્કાલિક આ પુલના ખાડા ભરવામાં આવે અને રખડતી ગાયોને નિયંત્રિત કરવામાં આવે.

# એક જ સમયે એક જ રૂટ ઉપર ચાલતી બે એસ.ટી. સેવામાં લાઠી તાલુકાના ગામોને સાંકળવા સાંસદને રજૂઆત

**શાખપુર ગામના સરપંચ જશુભાઈ ખુમાણે સાંસદને પત્ર પાઠવ્યો**

દામનગર, તા. ૧૦

દામનગર અને ગારીયાધાર ડેપોમાંથી ગારીયાધાર જામજોધપુર અને ગારીયાધાર સોમનાથ બંને અડધો કલાકના સમય વચ્ચે ઉપડે છે. જે એક જ રૂટ ઉપર ચાલે છે. જેને વાયા નાની વાવડી, શાખપુર, પાંચ તલાવડા, ખારા, કલ્યાણપર, લીલીયા રૂટ ઉપર સાડા પાંચની ગારીયાધાર, જામજોધપુર બસ શરૂ કરવા શાખપુર સરપંચે સાંસદ ભરતભાઈ સુતરીયાને પત્ર લખ્યો હતો. તેમજ ગારીયાધાર જામજોધપુર બસ શરૂ કરવા શાખપુર સરપંચ જશુભાઈ ખુમાણે રજૂઆત કરી હતી. જેથી આ ગામડાને જિલ્લા લેવલની એક વહેલી સવારે



બસ મળે જેથી વિદ્યાર્થીઓ, દવાખાનાના દર્દીઓ અને જિલ્લા સેવા સદનમાં જતા અરજદારોને ન્યાય મળી શકે તેવી રજૂઆત શાખપુર સરપંચ દ્વારા કરવામાં આવી હતી. ગારીયાધાર સોમનાથ પાંચ વાગ્યે ઉપડે અને ગારીયાધાર જામજોધપુર સાડા પાંચે ઉપડે બંને વાયા ચારોડીયા, ક્રાંકચ, લીલીયા ચાલે. એક રૂટ ગારીયાધાર જામજોધપુર વાયા નાની વાવડી, શાખપુર, ખારા, કલ્યાણપર, પાંચ તલાવડા ચલાવવામાં આવે તો આ ગામડાને લાભ થઈ શકે છે.

# કેશોદ કોર્ટ મુદત પુરી પરત આવતી પોલીસની બોલેરો સાથે રોઝડું અથડાયું

બગસરા, તા.૧૦

બગસરા જેતપુર રોડ, ગેસ ગોડાઉન પાસે રોડ ઉપર સરકારી બોલેરો સાથે રોઝડું અથડાતા નુકસાન થયું હતું. કરણભાઈ નરેન્દ્રભાઈ હરિયાણી (ઉ.વ.૩૧), પીએસઆઈ એચ.જી. મારૂ, પો.કોન્સ. મેહુલભાઈ સોલંકી તથા મહિલા પો.કોન્સ. હેતલબેન વાઘેલા અને આરોપી ભરત મનુભાઈ વાઘેલાને લઈને કેશોદ કોર્ટ મુદત પુરી કરી પરત આવતા હતા. આ વખતે બગસરા ગામમાં ગેસ ગોડાઉન પાસે પહોચતા રોડ ઉપર અચાનક રોઝડું આડુ પડ્યું હતું અને ગાડીના બોનેટના આગળના ભાગે ભટકાયું હતું, જેથી બોલેરોમાં બોનેટના ભાગે તેમજ રેડિયેટર તથા હેડ લાઈટ વિગેરેમાં નુકસાની થઈ હતી. કારમાં સવાર કોઈને ઈજા પહોંચી નહોતી. બગસરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.જી. મયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાની પે સેન્ટર શાળા નં. ૧ માં 'લાઈફ સ્કીલ મેળા'ની ઉજવણી

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલાની પે સેન્ટર શાળા નંબર-૧ ખાતે 'લાઈફ સ્કીલ મેળા' **(Life Skill Mela)** નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં બાળકોએ પોતાના કૌશલ્ય અને સર્જનાત્મકતાનું ઉત્તમ પ્રદર્શન કરી વિવિધ જીવન ઉપયોગી કૃતિઓ અને પ્રવૃત્તિઓ રજૂ કરી હતી. આ મેળામાં બાળકોએ સાયકલમાં પંચર કેવી રીતે સાંધવું જેવી દૈનિક જીવનની સમસ્યાઓના નિરાકરણનું જીવંત નિદર્શન કર્યું હતું. આ ઉપરાંત,



પર્યાવરણની રક્ષા માટે વિજ્ઞાનને લગતા વિવિધ મોડલ બનાવ્યા હતા, જેમાં "સ્માર્ટ સિટી" નું એક સુંદર મોડેલ ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. બાળકોએ વિવિધ પ્રકારની કાર્ડશીટનું કટિંગ કરીને તેના પર અલગ અલગ પ્રકારના સ્ટોન ચોંટાડી કલાત્મક વસ્તુઓ બનાવી હતી. આ મેળાનું અન્ય એક મુખ્ય આકર્ષણ "વેસ્ટમાંથી બેસ્ટ" વસ્તુઓ બનાવવાનું હતું. બાળકોએ જૂના અને નકામા ગણાતા પદાર્થોમાંથી પેન સ્ટેન્ડ, પૂંઠાની સાયકલ, તોરણિયા અને પૂંઠામાંથી બસ જેવા અનેક નવીન પ્રયોગો રજૂ કર્યા હતા. વધુમાં, લાકડામાં ખીલી મારવી, મહેંદી મૂકવી, ફ્યુઝ બાંધવો અને લાઈટનું રિપેરિંગ જેવી વિવિધ પ્રકારની જીવન ઉપયોગી પ્રવૃત્તિઓનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા ભૂમિકાબેન મહેતા અને તમામ સ્ટાફ મિત્રોના સંપૂર્ણ સહકારથી આ લાઈફ સ્કીલ મેળાની ઉજવણી આનંદપૂર્વક કરવામાં આવી હતી. આ પ્રકારના મેળા બાળકોમાં વ્યવહારુ જ્ઞાન અને કૌશલ્યો વિકસાવવામાં મદદરૂપ થાય છે, જે તેમના ભવિષ્ય માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે.

# સરકારી હોસ્પિટલ બાબરા ખાતે આયુષ્માન ભારત અંતર્ગત સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

**જરૂરિયાતમંદ દર્દીઓએ કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લીધો**

બાબરા, તા. ૧૦

સરકારી હોસ્પિટલ બાબરા ખાતે ૧૦/૦૭/૨૫ ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી આયુષ્માન ભારત અંતર્ગત સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં તમામ પ્રકારના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર હાજર રહ્યા હતા. આ કેમ્પનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

ડો. રિદ્ધી ગોહીલ, ડો. મીહિર જાની, ડો. મીરા રાદડીયા, ડો. કૃતિ ડાભી, ડો. નિકુંજ ભેંસાણીયા, ડો. પૂજા પંડ્યા, ડો. વિજય ઝાલા, ડો. રાજ પટોલિયા, ડો. હરિ પરમાર, ડો. જૈમીન મૈસુર, ડો. મુર્તુઝાએ કેમ્પમાં તેમની સેવા આપી હતી.

# અમરેલી જિલ્લા પોલીસ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઇ

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લા પોલીસ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ની વાર્ષિક સાધારણ સભા ગુરૂવારે પોલીસ અધિક્ષક સંજય ખરાતના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં મંડળીના પ્રમુખ **DYSP** એ.જી.ગોહીલ, સા.મુ.મ.અમરેલી, **I/C** રીઝર્વ પો.ઈન્સ. વી.એસ. ખટાણા, **PSI** જે.એમ. કડછા, **PSI** કે.એમ.રામાનંદી, **PSI** પી.બી. ત્રિવેદી, મંડળીના મંત્રી **AASI** ડી.કે. રાઠોડ, મંડળીનું કામ કરનાર **APC** એલ.જે. મેરીયા તથા તમામ વ્યવસ્થાપક કમિટીના સભ્યો અને મંડળીના બહોળી સંખ્યામાં સભાસદ ભાઈઓ-બહેનો હાજર રહેલ. પોલીસ અધિક્ષક સંજય ખરાત તરફથી મંડળીની પ્રગતિ થાય અને તમામ સભાસદોને મંડળી દ્વારા સારા લાભ આપવા બાબત તેમજ લોનની મર્યાદામાં વધારો કરી મદદરૂપ થવા સૂચન કરવામાં આવેલ. આ તકે જે પોલીસ કર્મચારીઓ હજુ સુધી મંડળીમાં સભાસદ થયેલ નથી તેમને પણ મંડળીમાં જોડાવા ખાસ ભલામણ કરેલ છે. આ તમામ સૂચનોને મંડળીના પ્રમુખ **DYSP** એ.જી. ગોહીલે વિસ્તારપૂર્વક તમામ સભાસદોને માર્ગદર્શન આપી અને લોન મર્યાદા, સભાસદ વેલ્ફેર સ્કીમ વિશે સમજણ આપેલ.



# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં ખાદ્યતેલ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે તા. ૦૯/૦૭/૨૦૨૫, બુધવાર ના રોજ **'Fit India Movemen'** અંતર્ગત "ખાદ્યતેલના વપરાશ અંગે જાગૃતિ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં ખાદ્યતેલના પ્રમાણસર વપરાશ અંગે જાગૃતિ લાવવાનો હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડો. જી.વી. વેલિયતે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થિનીઓને સ્વાસ્થ્ય જાળવવા માટે જીવનમાં રમતગમતનું સ્થાન, આહાર-વિહાર અને ખાદ્યતેલના પ્રમાણસર ઉપયોગ વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ,



પ્રા. ડો. એમ.જે. પટોળીયાએ આહારમાં કયા તેલનો ઉપયોગ કરવો જોઈએ, કયું તેલ ખાદ્ય કે અખાદ્ય છે, અને ખાદ્યતેલનો પણ પ્રમાણસર ઉપયોગ કરી સ્વાસ્થ્ય જાળવી રાખવા અંગે આર્યુવેદાચાર્યનો સંદર્ભ ટાંકી વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી હતી.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

શરદભાઈ પ્રતાપરાય શુક્લ (નિવૃત RFO) (ઉ. વ.૭૨)નું તા.૭/૭/૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ભારતીબેન શરદભાઈ શુક્લ (પત્ની), વિરલ શરદભાઈ શુક્લના પિતા થાય છે. બેસણું તા.૧૧/૭/૨૫ને શુક્રવારના રોજ સાંજે ૪:૦૦થી ૬:૦૦ કલાકે પરશુરામ ઉપવન વાડી ગર્લ્સ હાઇસ્કૂલની બાજુમાં સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**બગસરા**

બગસરા નિવાસી બાલાભાઈ ગોવિંદભાઇ ભાયાણી ઉંમર વર્ષ ૬૫ તા. ૯ને બુધવારના રોજ રામ ચરણ પામેલ છે. તે રાજુભાઈ, જગદીશભાઈ તેમજ મિલનભાઈના પિતા થાય છે. બેસણું તા.૧૯ને શનિવાર તેમજ તેમની ઉત્તરક્રિયા તા.૨૦ને રવિવાર રોજ જેતપુર રોડ હુડકો કોલોની નાલંદા સ્કૂલ સામે બગસરા ખાતે રાખેલ છે.

**અમરેલી**

અમરેલી નિવૃત્ત એસ. ટી. કંડકટર સ્વ. શ્રી નટવરલાલ પોપટભાઈ નારીગરા વડીયા-દેવળી વાળા (હાલ અમરેલી)નું તા. ૧૦/૦૭/૨૦૨૫ ગુરુવારના રોજ અવસાન થયેલ છે. તે લીલાવંતીબેનના પતિ તથા કાનજીભાઈ, રમેશભાઈના નાનાભાઈ તથા પ્રવીણભાઈ, રસિકભાઈ, કિશોરભાઈ તથા કુસુમબેન અને ઉર્મિલાબેનના મોટાભાઈ તેમજ અમિતભાઈ તથા ધર્મિષ્ઠાબેન, હર્ષિતાબેન અને હેતલબેનના પિતાશ્રી તથા તેજલબેનના સસરા તથા અરવિંદભાઈ અને નરેશભાઈ ધોળકિયાના બનેવી થાય છે. સદગતનું બેસણું તેમના નિવાસસ્થાને અમરેલી ભોજલપરા શેરી નંબર-૧૧માં તા.૧૨/૦૭/૨૦૨૫ શનિવારના રોજ સમય બપોરના ૦૪થી ૦૬ કલાકે રાખેલ છે.

**સાવરકુંડલા**

નરેશભાઈ હિંમતભાઈ વેલાણી (ઉ. વ.૬૫)નું તા.૭/૭/૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ભારતીબેન નરેશભાઈ વેલાણી તેમના પત્ની થાય, ભરતભાઈ હિંમતભાઈ વેલાણી, શોભનાબેન મહેશકુમાર પારેખ, ઉષાબેન કપિલકુમાર મહેતા, રીટાબેન વિપુલકુમાર શાહ તેના ભાઈ, કેવલભાઈ નરેશભાઈ વેલાણી, ચિંતનભાઈ નરેશભાઈ વેલાણીના પિતાશ્રી થાય છે. સદ્‌ગતની પ્રાર્થનાસભા તા.૧૧/૭/૨૫ને શુક્રવારના રોજ સવારે ૧૦થી ૧૧ કલાકે સ્થાનકવાસી જૈન ઉપાશ્રય સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

ફો.પ.અ.નં.૭૮/૨૦૨૫

અરજદાર :- કાકડીયા ભારતીબેન મનુભાઈ ઉ.વ. ૬૨
ધંધો ખેતીકામ ધર્મે હિન્દુ/પટેલ
રહે.નાના રાજકોટ, તા.લાઠી, જી.અમરેલી હાલ સાસરે અમદાવાદ
અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે. લાઠી
- //વિરૂધ્ધ//-
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી ત.ક.મ.અધિકારી
નાના રાજકોટ ગ્રામ પંચાયત

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે નાના રાજકોટ ગામના રહેવાસી છે. અરજદાર પોતે કાકડીયા ભારતીબેન મનુભાઈ ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે કાકડીયા ભારતીબેન મનુભાઈ નો જન્મ જે તે સમયે નાના રાજકોટ મુકામે જન્મ તારીખ-૧/૦૬/૧૯૬૩ ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખઃ ૭/૮/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિ રહેવું તેમ કરવામા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો

**સ્થળ : લાઠી** — **શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા**
**તારીખ : / /૨૦૨૫** — **મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**




# ખાંભના ત્રાકુડા ગામે વાડીમાં બકરું ઘૂસી જતાં ધમકી આપી

ખાંભા, તા.૧૦

ખાંભાના ત્રાકુડા ગામે વાડીમાં બકરું ઘૂસી જતાં યુવકને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે વિનુભાઈ બાલુભાઈ કળસરીયાએ ચંદ્રેશભાઈ કાળાભાઈ રાઠોડ તથા હરેશભાઈ કાળાભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની વાડીમાં આરોપીનું બકરું આવી ગયું હતું. જેથી ઠપકો આપતાં સારું નહોતું લાગ્યું અને તેમને ગાળો બોલી, લાકડીનો એક ઘા માર્યો હતો તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી.



# બાબરાના ગમા પીપળીયા-વાવડી રોડનું ૫૦ લાખના ખર્ચે જનકભાઈના હસ્તે ખાતમુહૂર્ત


બાબરા,તા.૧૦



બાબરા તાલુકાના ગમા પીપળીયા અને વાવડી ગામને જોડતા માર્ગનું અંદાજિત રૂ. ૫૦ લાખના ખર્ચે નિર્માણ થનાર છે. આ રોડનું ખાતમુહૂર્ત લાઠી-બાબરા મત વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ગુરૂવારે કરવામાં આવ્યું હતું. આ નવનિર્મિત રોડથી બંને ગામના લોકોને સુગમ પરિવહન મળશે. આ રોડના નિર્માણથી સ્થાનિક ખેડૂતોને પોતાના કૃષિ ઉત્પાદનોને બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે, તેમજ આસપાસના વિસ્તારોમાં અવરજવર કરતા લોકોને પણ સારો રસ્તો મળશે. આ રસ્તાથી ગ્રામીણ વિકાસને વેગ મળશે અને લોકોના જીવનધોરણમાં સુધારો થશે તેવી આશા વ્યક્ત કરી હતી. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સરકાર ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે કટિબદ્ધ છે અને આવા લોકઉપયોગી કાર્યો સતત હાથ ધરાશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપ મહામંત્રી રાજેશભાઈ વિરોજા સહિતના હાજર રહ્યાં હતા.

# લાઠી પાલિકાની ચૂંટણી સમયે આપેલા વચનો ભૂલાયા ખાડો ખોદી ભૂલી ગયેલા તંત્રને કારણે સ્થાનિકો પરેશાન

લાઠી , તા.૧૦



લાઠી નગરપાલિકાની ચૂંટણી ગયાના થોડા મહિનામાં જ ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓએ ચૂંટણીમાં આપેલા વચનો વિસરાઈ ગયા હોય તેમ લાઠીના વોર્ડ નંબર ૩ ના પીજીવીસીએલ કચેરીની સામેના વિસ્તારમાં ગટરનો ખાડો ખોદીને દસ દિવસથી ડોકાયા નથી. જેને કારણે સ્થાનિકો પારાવાર પરેશાની ભોગવી રહ્યા છે. જ્યારે વાસ્તવિકતા જોઈએ તો પાલિકા તંત્ર દ્વારા છેક સ્થાનિકના ઘરની ડેલી બહાર ખાડો ખોદીને દસ દસ દિવસ થયા બાદ આ ગટરનો ખાડો પણ બુરી શક્યા નથી. સ્થાનિકોને પોતાના ઘરની બહાર કેમ નીકળવું તે પણ ગંભીર સમસ્યા ઉભી થઈ છે. જ્યારે ગટરના ગંદા પાણીની તીવ્ર દુર્ગંધથી ત્રસ્ત સ્થાનિકોએ પાલિકાના ચૂંટાયેલા વોર્ડ નંબર ૩ ના સદસ્યોને કરેલી રજૂઆત ધ્યાને લેતા નથી. જ્યારે પાલિકાના સત્તાધીશો પણ ધૃતરાષ્ટ્રની ભૂમિકા ભજવતા હોય ત્યારે ભાજપ સત્તાધીશ પાલિકાએ ચૂંટણી સમયે મોટા મોટા વચનો આપેલા પણ એક ખાડો બુરાવવામાં પાલિકાના સદસ્યો સાથે પાલિકા તંત્રને આલ આવતો હોવાની પ્રતીતિ સ્થાનિકો કરી રહ્યા છે.

# લીલીયાના સલડી ગામે ચપ્પલ નહીં મળતા પતિએ પત્નીને લાકડીથી ફટકારી


**જાનથી મારવાની પણ ધમકી આપી**

લીલીયા, તા.૧૦

લીલીયાના સલડી ગામે ચપ્પલ નહીં મળતાં પતિએ પત્નીને ગાળો આપી લાકડીથી ફટકારી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ચંપાબેન કિશોરભાઈ પરમાર (ઉ.વ.૪૭) એ કિશોરભાઈ વાઘાભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમના પતિ થાય છે. આરોપી પોતાના ઘરે ચપ્પલ ગોતતા હતા પરંતુ આરોપીને ચપ્પલ નહી મળતા સારૂં નહીં લાગતા જેમ-ફાવે તેમ ગાળો આપી હતી તેમજ લાકડીથી મુઢમાર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગર લોહાણા મહાજન વાડી તરફ ડામર રોડનો પાળો ચડી ગયો

દામનગર, તા.૧૦



દામનગર શહેરના અતિ ધમધમતા સરદાર ચોક તરફથી સત્ય નારાયણ આશ્રમ સુધી જતા ડામર રોડનો લોહાણા મહાજન વાડી તરફ પાળો ચડી ગયો છે. આ રોડ નગરપાલિકા તંત્રએ જાતે બનાવ્યો છે કે કોઈ એન્જસી એ ? આ રોડ ગેરન્ટી પિરિયડમાં છે ? તો રીપેર કરો. માત્ર બે વર્ષ જેવા સમયમાં શહેરના હાર્દ સમા સરદાર ચોકમાં સીસી રોડ અને ડામર રોડ બંને તૂટી ગયા છે. સીસી રોડમાં સિમેન્ટ નબળી આવી ગઈ હશે અને ડામર રોડમાં ડામર પડતર અને ગુણવત્તા વગરનો આવી ગયો હશે ? એવું માની લઈએ પણ રસ્તો રિપેર તો કરો ! પાલિકા કચેરીના ખૂણે બસ સ્ટેન્ડના મુખ્ય પ્રવેશદ્વારના અતિ બિસ્માર બનેલ રસ્તાઓ અંગે તંત્રવાહકો ધ્યાન આપે તેવી શહેરીજનોમાંથી માંગ ઉઠી રહી છે.

# પતિએ પત્નીના ચારિત્ર્ય પર શંકા કરી જાનથી મારવાની ધમકી આપી

**સાવરકુંડલાના વિજપડી ગામે બનાવ બન્યો**

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલાના વિજપડી ગામે એક પરિણીતા પર તેના પતિએ શંકા-કુશંકા કરી ત્રાસ ગુજાર્યો હતો. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે સિમરનબેન રહીમભાઈ બેલીમ (ઉ.વ.૩૦)એ પતિ રહીમભાઈ મેહબુબભાઈ બેલીમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પતિએ ઘરકામ તેમજ ચારિત્ર્ય બાબતે શંકા-કુશંકા કરી મેણાટોણા માર્યા હતા. ઉપરાંત ગાળો બોલી, ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એસ. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં ત્રણ વર્ષ પહેલા થયેલી માથાકૂટના મનદુ:ખમાં યુવકને બહુ હવા છે કહી ફટકાર્યો

**કુહાડી બતાવી જાનથી મારવાની ધમકી આપી**

બગસરા, તા. ૧૦

બગસરામાં રહેતા એક યુવકને ત્રણ વર્ષ પહેલા થયેલી માથાકૂટના મનદુ:ખમાં "તને બહુ હવા છે?" કહી ફટકારવામાં આવ્યો હતો. આરોપીઓ ગાળો આપવાની ના પાડતાં કુહાડી, ધોકો લઈ મારવા દોડ્યા હતા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે જયેશભાઈ જયંતીભાઈ બોરીચા (ઉ.વ.૩૪) એ અલ્ફાજ ચોપડા તથા સુફીયાન ચોપડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને આરોપીઓ સાથે આશરે ત્રણેક વર્ષ પહેલા માથાકૂટ થઈ હતી. તેનુ મનદુ:ખ રાખી તેઓ પોતાના મિત્રો સાથે બગસરા સતાધાર હોટલ ખાતે ચા-પાણી પીવા માટે ગયા હતા તે વખતે આરોપી અલ્ફાજ ચોપડાએ તેને "બહુ હવા છે?" તેમ કહી ગાળો આપી હતી. તેમણે ગાળો આપવાની ના પાડતા બન્ને આરોપીઓ ફરિયાદીને જેમફાવે તેમ ઢીકાપાટુનો મુંઢમાર મારવા લાગ્યા હતા. આ સમયે તેના મિત્રો વચ્ચે પડતા આરોપીઓ કુહાડી તથા ધોકો લઈ મારવા દોડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી જયેશ બોરીચાએ બગસરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# લાઠીમાં પરિણીતાએ પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાધો

**પતિએ રૂા.૨૫૦૦૦ નહી આપતા પત્નીને માઠુ લાગતા મોત વહાલુ કર્યું**

લાઠી, તા.૧૦

લાઠીમાં રહેતી એક પરિણીતાએ પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા મરણ પામી હતી. બનાવ અંગે જીજ્ઞેશભાઈ સતીષભાઈ ગોહીલ (ઉ.વ.૪૪) એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની ચારૂલતાબેને તેમની પાસે રૂપિયા ૨૫,૦૦૦ માંગ્યા હતા. પરંતુ તેમની પાસે પૈસા ન હોવાનું જણાવતાં મનમાં લાગી આવ્યું હતું અને રૂમના સીલિંગ ફેન સાથે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા.

લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટામાં સરકારી કોલેજમાં મહિલા વિકાસ સમિતિનાં કન્વીનરની નિમણૂક કરાઈ

લીલીયા,તા.૧૦



લીલીયા મોટામાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે CWDCની મિટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સર્વે સભ્યોએ હાજર રહીને સમિતિની રચના કરેલ હતી. જેમાં એકાઉન્ટન્સી વિષયના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. વિરાજબેન રાઠોડની કન્વીનર પદે નિમણૂક કરેલ છે. આ સમિતિ કોલેજમાં મહિલાના હક્કોના રક્ષણ, જાગૃતિના કાર્યો, જાતીય સતામણી રક્ષણ અને ફરિયાદ નિવારણ સાથે સમિતિની બેઠક અને મહિલા પ્રતિનિધિત્વ, મહિલા અને વિદ્યાર્થિનીઓના હક્કો અને સુરક્ષા તેમજ કારકિર્દી આરોગ્ય વગેરે લક્ષી કામગીરી કરાશે. ડો. વિરાજબેન રાઠોડની નિમણૂકને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડ સહિત કોલેજ પરિવારે આવકારી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: એકમ
તા. ૧૧-૦૭-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૩૦,
સૂર્યાસ્ત-૦૭:૨૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૧૧-૦૭-૨૦૨૫ શુક્રવાર

- મેષ: કામના સ્થળે સાનુકૂળ પરિસ્થિતિ રહેશે. વેપારમાં લાભના સંજોગ છે. પારિવારિક જીવનમાં જીવનસાથી સાથે સુમેળભર્યા સંબંધો રહેશે.
- વૃષભ: આજે ગુસ્સો વધારે આવશે તો અંકુશ જાળવી રાખજો. કેટલાક લોકોને આળસ આવશે. વિદ્યાર્થીઓએ અભ્યાસ પર ખાસ ધ્યાન આપવું.
- મિથુન: આજે ટીમવર્કમાં કામ કરવું જોઇએ, જેથી સારા પરિણામ મળશે. વાતચીત દરમિયાન નવો આઇડિયા આવી શકે છે.
- કર્ક: આજે આપ દિવસ દરમિયાન વ્યસ્ત રહેશો. આજે રોકાણ કરવાનું વિચારી રહ્યો છો તો શ્રેષ્ઠ છે. કામકાજ અંગે કાળજી રાખીને આગળ વધજો.
- સિંહ: આજનો દિવસ મંગળમય રહેશે. શુભ દિવસનો લાભ ઉઠાવવો જોઇએ. કામના સ્થળે તાલમેલથી કામ કરવું અને સહ કર્મચારીઓ સાથે વિવાદમાં ઉતરતાં બચવું.
- કન્યા: વિદ્યાર્થીઓ અભ્યાસ પર ધ્યાન આપે. વેપાર અર્થે નવી ટેકનિક ફાયદામાં રહેશે. સાંજ સુધી લાભ થશે, મહેનતથી કામ કરતા રહેજો.
- તુલા: આજનો દિવસ હળવો રહેશે. ઉતાવળમાં કામ કરતાં નુકસાન થઇ શકે છે. પ્રયત્ન કરતાં રહેશો તો અટકેલુ કામ પૂર્ણ થશે.
- વૃશ્ચિક: આજે જીવનમાં કંઇક ખાસ અનુભવ થશે, પરંતુ જોખમવાળા કામમાં ધ્યાન આપવું જરુરી છે. પરિવારમાં વિરોધીઓ છે તો આજે સાચવીને રહેવું.
- ધન: આજનો દિવસ શુભ રહેશે. કામનું પ્રેશર રહેશે, વ્યસ્ત રહેશો. બુદ્ધિ અને સમજશક્તિથી કરેલા કામથી આજે લાભ થશે.
- મકર: આજે તમારો દિવસ સારો વિતશે. તમારા સંબંધીઓ સાથે જૂના વિવાદોને દૂર કરવાની તક આપશે. ગુસ્સો આવી શકે છે.
- કુંભ: આજે આપનો દિવસ મિશ્રણભર્યો રહેશે. સાંજ સુધી લાભની તકો મળશે. સાંજના સમયે કામમાંથી સમય કાઢીને પાર્ટી કરી શકો છો.
- મીન: આજે બપોર પહેલા કોઇ સારા સમાચાર મળી શકે છે. કામના સ્થળે સહયોગીઓની મદદ મળશે, ટીમવર્કથી તમારું કામ સમયસર પૂરુ થશે.

**રાજુલાના દાતરડી ગામે બનાવ બન્યો**

# પત્નીથી અલગ રહીને દીકરીઓનું ભરણપોષણ કરતા પુરુષ પર હુમલો

**ઢીકાપાટુ, જાનથી મારવાની ધમકી આપવામાં આવી**

રાજુલા, તા.૧૦

રાજુલાના હીંડોરણા ગામે એક પુરુષ તેની પત્નીથી અલગ રહીને દીકરીઓનું ભરણપોષણ કરતો હતો. આ વાત તેના પિતા તથા ભાઈને ગમતી નહોતી. જે બાબતનું મનદુ:ખ રાખી તેના પર હુમલો કરવામાં આવ્યો હતો.

શરીરે આડેધડ મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ગોવિદરામ જેન્તીરામ દુધરેજીયા (ઉ.વ.૨૮)એ કરણભાઈ ભુપતભાઈ મકવાણા, ભુપતભાઈ બાલુભાઈ મકવાણા, શૈલેષભાઈ મંગાભાઈ બારૈયા તથા ભાર્ગવભાઈ સોલંકી સામે ફરિયાદ દાખલ કરી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, મનિષાબેન ભરતભાઈ બાંભણીયા તેના પતિથી અલગ એકલા દાતરડી ગામે ભાડાના મકાનમાં રહેતા હતા. તેઓ તેનું તથા તેની દિકરીઓનું ધ્યાન રાખતા હોય અને તેના ઘરનું ગુજરાન ચલાવતા હોય જે બાબત સાહેદ મનિષાબેનના પિતા તથા ભાઈને ગમતી ન હોય જે બાબતનું મનદુ:ખ રાખી તેમને ગાળો આપી લોખંડના પાઈપ વડે શરીરે આડેધડ વાંસાના ભાગે તથા બન્ને પગના નળાના ભાગે સાત આઠ ઘા મારી મુંઢ ઈજા કરી હતી. આ સમયે સાહેદ મનિષાબેન વચ્ચે પડતા તેને પણ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં દુકાનમાં સીસીટીવી ન રાખનારા જ્વેલર્સ સામે કાર્યવાહી

રાજુલા, તા.૧૦

રાજુલામાં મેઈન બજારમાં સોના-ચાંદીની દુકાન ધરાવતાં જ્વેલર્સ સામે તેની દુકાનમાં સીસીટીવી કેમેરા ન રાખવા બદલ કાર્યવાહી કરવામાં આવી હતી. બનાવ અંગે અર્જુનભાઈ રાજેશભાઈ જગડા સામે અમરેલી એસઓજીએ જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એસ. બાબરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**પતિએ પત્નીને પહેરેલા કપડાંએ ઘરેથી કાઢી મૂકી**

# સુરતના વરાછામાં રાજુલાની પરિણીતા પર સાસરિયાએ સિતમ ગુજારતા ફરિયાદ

**પતિએ કરિયાવર મુદ્દે મારકૂટ કરી ગાળો આપી**

રાજુલા, તા.૧૦

રાજુલામાં રહેતી એક યુવતીના લગ્ન ભાવનગરના જેસર તાલુકાના જડકલા ગામે રહેતા યુવક સાથે થયા હતા. લગ્ન બાદ તેઓ સુરતના વરાછામાં માતૃ શક્તિ સોસાયટીમાં રહેવા આવ્યા હતા. પતિ તથા સાસરિયાએ અવારનવાર ત્રાસ આપ્યો હતો. પતિએ ઝઘડો અને મારકૂટ કરી પહેરેલા કપડાએ ઘરેથી કાઢી મૂકી હતી. બનાવ અંગે ગીતાબેન રામભાઈ ગોહીલ (ઉ.વ.૨૪)એ હાલ સુરત રહેતા મૂળ જડકલા ગામના પતિ ચેતન ભરતભાઈ બારૈયા, ભરતભાઈ બાલભાઈ બારૈયા, વનિતાબેન ભરતભાઈ બારૈયા, રૂત્વિક ભરતભાઈ બારૈયા, ભૌતિક ભરતભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને લગ્ન બાદ શરૂઆતથી પતિ તથા અન્ય સાસરિયાએ અવારનવાર માનસિક અને શારીરિક દુ:ખ ત્રાસ આપ્યો હતો. ઉપરાંત મેણાટોણા મારી મારકૂટ કરતા હતા. પતિએ નવ મહિના પહેલા ઝઘડો કરી, ગાળો બોલી, મારકૂટ કરીને ઘરેથી પહેરેલા કપડાએ કાઢી મૂકી હતી.

# સા.કુંડલાની પારેખ હાઈસ્કૂલ ખાતે BIS અંતર્ગત કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૧૦




સાવરકુંડલાના જુના સાવરમાં ગ્રામ પંચાયત સંચાલિત શ્રીમતી ટી.કે. પારેખ હાઈસ્કૂલમાં બીઆઈએસ અંતર્ગત કાર્યક્રમ યોજાયો. ૭ જુલાઈના રોજ ભારતીય માનક બ્યુરો (બીઆઈએસ) દ્વારા અને પારેખ હાઈસ્કૂલ સ્ટાન્ડર્ડ કલબ અંતર્ગત સ્ટાન્ડર્ડ આઈએસઓ માર્ક સાથેની વસ્તુ અને તેની માહિતી વિશે બ્યુરોના સૌરાષ્ટ્ર ઝોનના અધિકારી અમનસિંહના માર્ગદર્શનમાં આ કાર્યક્રમ યોજાયો હતો. શાળામાં પુનિતભાઈ નથવાણીએ પીવાના પાણીની બોટલના સ્ટાન્ડર્ડ વિશે માહિતી આપી હતી. પછી તેના વિશે લેખન કાર્ય પણ કરાવવામાં આવ્યું હતું અને પ્રથમ ચાર નંબરના વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર પણ આપવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના વિજ્ઞાન શિક્ષક વિનોદરાય સી. વાળા અને સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવેલ. સૌરાષ્ટ્ર ઝોનના વડા અમનસિંહે પણ મેસેજ કરી આ આયોજનને બિરદાવેલ. કાર્યક્રમની સફળતાને શાળાના આચાર્ય આશિષભાઈ જોશી અને ગામના સરપંચ કલ્પેશભાઈ કાનાણીએ બિરદાવેલ. અધિકારીએ બાળકોને આગામી દિવસોમાં ઈન્ડસ્ટ્રીઝની મુલાકાતનું પણ વચન આપેલ હતું.

**તંત્રી લેખ**

# દુર્ઘટનાનો બોધપાઠ


કોઈપણ દુર્ઘટના બને એટલે મોટો હોબાળો થાય. જાનમાલની મોટી હાનિ થાય. લોકો અતિ સંવેદનશીલ બની જાય છે. ભોગ બનેલાઓને સરકાર રાહત આપે છે. બધા જ પગલાં લેવાય છે પરંતુ આવી દુર્ઘટના ફરી વખત ન બને તે માટે એવું કોઈ મિકેનિઝમ વિચારવામાં નથી આવતું જેથી દુર્ઘટના બનતી અટકે. મહીસાગરનો પુલ તૂટ્યો. આ પહેલા મોરબીનો પુલ તૂટ્યો. આવી ઘટના વારંવાર બને છે. ગુજરાતના વડોદરા જિલ્લામાં મહિસાગર નદી પર બનેલો એક જૂનો પુલ સવારે અચાનક તૂટી પડ્યો. આ ઘટનાએ બધાને હચમચાવી નાખ્યા છે. આ અકસ્માતમાં ૧૩ લોકોના મોત થયા છે અને ૫ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. પુલ તૂટી પડતાં જ તેના પર દોડતા ઓછામાં ઓછા ૫ વાહનો નદીમાં પડી ગયા. આમાંથી બે ટ્રક નદીમાં સંપૂર્ણપણે ડૂબી ગયા હતા જ્યારે એક ટેન્કર પુલની ધાર પર લટકતું રહ્યું હતું. ઘટના બાદ તરત જ અંધાધૂંધી મચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી. આ પુલ ૧૯૮૫ માં કાર્યરત થયો હતો. આ પુલ ૧૯૮૧ માં પૂર્ણ થયો હતો અને ૧૯૮૫ માં જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તેની હાલત ઘણી બગડી ગઈ હતી. આમ છતાં, પુલ પરથી વાહનોની અવરજવર ચાલુ રહી. સ્થાનિક ધારાસભ્ય દ્વારા પુલની ખરાબ સ્થિતિ અંગે પહેલાથી જ ચેતવણી આપી હતી. તેમણે સરકાર પાસેથી નવો પુલ બનાવવાની પણ માંગણી કરી હતી. પરંતુ ચેતવણી છતાં પુલ બંધ કરવામાં આવ્યો ન હતો પરિણામે એક મોટો અકસ્માત થયો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, મુખ્યમંત્રીએ તાત્કાલિક ટેકનિકલ નિષ્ણાતોની એક ટીમ ઘટનાસ્થળે મોકલી અને તપાસના આદેશ આપ્યા. ઉપરાંત, તેમને પુલ તૂટી પડવાની સંપૂર્ણ માહિતી એકત્રિત કરવા અને અકસ્માતના કારણો શોધવા માટે કહેવામાં આવ્યું છે. પુલ તૂટી પડતાં જ સ્થાનિક વહીવટીતંત્ર અને રાહત ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ. નદીમાં પડી ગયેલા વાહનોને બહાર કાઢવાનું કામ શરૂ થઈ ગયું હતું. તરવૈયાઓની મદદથી મૃતદેહોને પણ બહાર કાઢવામાં આવ્યા હતા. હવે નવો પુલ મળશે, સરકારે આ પુલની જગ્યાએ ૨૧૨ કરોડ રૂપિયાના ખર્ચે નવો પુલ બનાવવાની મંજૂરી આપી છે. આ માટે એક સર્વે પણ કરવામાં આવ્યો છે. બાંધકામનું કામ ટૂંક સમયમાં શરૂ થવાની અપેક્ષા છે. આ અકસ્માત ફરી એકવાર પ્રશ્ન ઉઠાવે છે કે જૂના અને નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સમયસર કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? જો પુલ પરનો ટ્રાફિક વહેલા બંધ કરી દેવામાં આવ્યો હોત અને નવા પુલનું બાંધકામ શરૂ થયું હોત, તો કદાચ આ દુર્ઘટના ટાળી શકાઈ હોત. હવે બધાની નજર તપાસ રિપોર્ટ પર છે - આપણે જોવું પડશે કે આ માટે કોને જવાબદાર ઠેરવવામાં આવે છે. વડોદરા પુલ તૂટી પડવાની ઘટના અંગે કોંગ્રેસે રાજ્ય સરકાર પર પ્રહારો કર્યા છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, જે એક વાર બને છે તે અકસ્માત છે, પરંતુ જે વારંવાર બને છે તે ગુનો છે. મોરબી પુલ દુર્ઘટનામાં લગભગ અનેક લોકોના જીવ ગયા પછી પણ ગુજરાત સરકાર જાગી નથી. હવે ફરી વડોદરાના ગંભીરા બ્રિજની દુર્ઘટનામાં ૧૩ લોકોના મોત થયા છે. પુલોના સમારકામ અને નિરીક્ષણ અંગે સતત વાતો થતી હતી, કોઈપણ બાંધકામ નબળું પડે છે અને ભારે વાહન પસાર થાય ત્યારે તૂટી પડે છે. ચેતવણી આપેલી હોવા છતાં પણ ઓવરલોડ માલ ભરીને વાહન પુલ પરથી પસાર થાય છે. ઘણીવાર સ્પીડ પણ વધારે હોય છે.

# હવે વોટ્સએપનો ક્રેઝ અકાળે આથમી જશે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

WhatsApp એ વિશ્વની સૌથી લોકપ્રિય ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ્લિકેશન છે. તેના દૈનિક લગભગ ૨૯૫ કરોડ સક્રિય વપરાશકર્તાઓ છે. ટૂંક સમયમાં, મેટાની આ ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપનો ક્રેઝ સમાપ્ત થઈ શકે છે. ટ્વિટર (હવે X) ના સહ-સ્થાપક જેક ડોર્સીએ એક એવી મેસેજિંગ એપ લોન્ચ કરી છે જેનો ઉપયોગ કરવા માટે ઈન્ટરનેટ કે સિમકાર્ડની જરૂર નથી. એટલું જ નહીં, આ એપ વોટ્સએપની જેમ એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન ફીચર સાથે આવે છે, જેનો અર્થ એ છે કે તેના પર વાતચીત ફક્ત બે લોકો વચ્ચે જ રહેશે. બિટચેટ મેસેજિંગ એપ્લિકેશન ખૂબ લોકપ્રિય બનશે કારણ કે તેમાં ડેટાનો વપરાશ નથી એટલે સૌને એમાં રસ પડ્યો છે. જેક ડોર્સીએ આને ઓફલાઈન ચેટિંગ એપ તરીકે લોન્ચ કર્યું છે. તેનો ઉપયોગ કરવા માટે, ફક્ત બ્લૂટૂથ કનેક્શન જરૂરી છે. બ્લૂટૂથ મેશ નેટવર્કનો ઉપયોગ કરીને આ એપ દ્વારા ચેટિંગ કરી શકાય છે. વપરાશકર્તાઓ આ દ્વારા એકબીજાને સંદેશા મોકલી શકે છે. આ સંદેશાઓ સંપૂર્ણપણે એન્ક્રિપ્ટેડ છે. આ ઈન્સ્ટન્ટ ઓફલાઈન ચેટિંગ એપમાં ટેમ્પરરી મેસેજ મોકલવા, ચેટિંગ માટે ગ્રુપ બનાવવા જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. એટલું જ નહીં, તમે તમારી ઓળખ છુપાવીને આ એપ દ્વારા ચેટ કરી શકો છો. યાહૂ મેસેન્જરની જેમ, તેમાં પણ ચેટ રૂમ હશે, જે સંપૂર્ણપણે પાસવર્ડથી સુરક્ષિત હશે. ચેટ સ્ટોર કરવામાં આવશે નહીં. બિટચેટ એપની ખાસ વાત એ છે કે તેમાં તમારી વાતચીત સંગ્રહિત થતી નથી અને તેનો ઉપયોગ કરવા માટે કોઈ સંપર્કની જરૂર નથી. તમે તમારી ઓળખ જાહેર કર્યા વિના કોઈની સાથે રેન્ડમ વાત કરી શકો છો. આ એપ ખાસ કરીને એવી જગ્યાઓ પર ખૂબ જ ઉપયોગી સાબિત થશે જ્યાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી નથી. જો મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટ ન હોય તો પણ, ઈમરજન્સીના કિસ્સામાં, નજીકના લોકોને આ એપ દ્વારા કનેક્ટ કરી શકાય છે. આ એપને સંપૂર્ણપણે સુરક્ષિત કહી શકાય કારણ કે ચેટ્સ સ્ટોર થતી નથી અને ઓળખ જાહેર થતી નથી. આમાં, વપરાશકર્તાઓની ગોપનીયતા લીક થવાનું જોખમ ખૂબ ઓછું છે. આ એપ ભારતમાં ક્યારે શરૂ થશે તે અત્યારે કહી શકાય નહીં. WhatsApp જેવી આ એપ ઈન્ટરનેટ વગર પણ કામ કરશે, ટ્વિટરના સહ-સ્થાપક નવી એપ ને વધારે ઉપયોગી બનાવવા કાર્ય કરી રહ્યા છે. ટ્વિટર (હવે X નામ આપવામાં આવ્યું છે) ના સહ-સ્થાપક જેક ડોર્સીએ એક નવી મેસેજિંગ એપ્લિકેશન લોન્ચ કરી છે જે ઈન્ટરનેટ વિના કામ કરે છે. આ એપનું નામ બિટચેટ છે. આના દ્વારા તમે તમારા મિત્રો, સહકર્મીઓ અને પરિવાર સાથે જોડાઈ શકો છો. તે મેસેજિંગ એપ WhatsApp જેવી જ છે, પરંતુ તે ઈન્ટરનેટ વિના પણ કામ કરે છે. બિટચેટ એક નવી પીઅર-ટુ-પીઅર મેસેજિંગ એપ્લિકેશન છે જે કોઈપણ કેન્દ્રીયકૃત સર્વર અને ફોન નેટવર્ક વિના કાર્ય કરે છે. આ એક ગોપનીયતા કેન્દ્રિત મેસેજિંગ એપ્લિકેશન છે. આ એપ દુનિયાભરમાં લોકપ્રિય એવા વોટ્સએપ સાથે સ્પર્ધા કરશે. બિટચેટ હાલમાં ફક્ત આઈફોન વપરાશકર્તાઓ માટે જ ઉપલબ્ધ છે અને હાલમાં તે પરીક્ષણ તબક્કામાં છે. જોકે, એન્ડ્રોઈડ માટે ક્યારે રિલીઝ થશે તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. આ એપ્લિકેશન બ્લૂટૂથની મદદથી કામ કરે છે. એ દરેક મોબાઈલમાં હોય છે આના કોઈ વધારાના પૈસા ચૂકવવા નહીં પડે બિટચેટ જે રીતે કામ કરે છે તે સિસ્ટમ ખૂબ જ અનોખી છે. આ એપ બ્લૂટૂથ લો એનર્જી (BLE) મેશ નેટવર્કનો ઉપયોગ કરે છે જેથી સ્માર્ટફોન સ્થાનિક ક્લસ્ટરો દ્વારા એન્ક્રિપ્ટેડ સ્વરૂપમાં એક ઉપકરણથી બીજા ઉપકરણમાં સંદેશાઓ ટ્રાન્સમિટ કરી શકે. બ્લૂટૂથ પર કામ કરવાનો અર્થ એ છે કે તમારે સંદેશા મોકલવા માટે WIFI કે કોઈપણ સેલ્યુલર નેટવર્કની જરૂર નહીં પડે. કુદરતી આપત્તિ અને સર્વર ડાઉનના કિસ્સામાં ઉપયોગી જેક ડોર્સીની બિટચેટ એપ એવી જગ્યાએ ખૂબ જ ઉપયોગી સાબિત થશે જ્યાં કુદરતી આફતોને કારણે ઈન્ટરનેટ સર્વર ડાઉન થઈ જાય છે. વોટ્સએપ અને ટેલિગ્રામ કેવી રીતે કામ કરે છે? તે જાણવા જેવું છે. વોટ્સએપ અને ટેલિગ્રામ જેવી પરંપરાગત મેસેજિંગ એપ્સ સર્વર પર આધાર રાખે છે. આ એપ્સ પર, યુઝર્સે તેમના ફોન નંબર અથવા ઈમેઈલ આઈડીનો ઉપયોગ કરીને એકાઉન્ટ બનાવવું પડે છે. બિટચેટ આ એપ્સથી સંપૂર્ણપણે અલગ છે, જેને કોઈપણ કેન્દ્રીયકૃત ડેટાબેઝની જરૂર રહેશે નહીં. બિટચેટ મેસેજિંગ એપ જુદી રીતે કામ કરે છે. જેને બ્લૂટૂથ મેશ નેટવર્કિંગ કહેવામાં આવે છે. બ્લૂટૂથ ક્લસ્ટરની મદદથી, ઉપકરણની રેન્જ બનાવવામાં આવે છે, જે લગભગ ૩૦ મીટર સુધીની હોય છે. આવી સ્થિતિમાં, વપરાશકર્તાનું ઉપકરણ બીજા ઉપકરણ સાથે પુલ બનાવે છે. આ પછી, વપરાશકર્તાઓ મેસેજિંગ સેવાનો લાભ લઈ શકશે. હવે પ્રશ્ન એ થાય કે બિટચેટ ક્યાં ઉપલબ્ધ છે? બિટચેટ હાલમાં બીટા વર્ઝનમાં ઉપલબ્ધ છે, જેના માટે વપરાશકર્તાઓએ એપલના ટેસ્ટફ્લાઈટમાં નોંધણી કરાવવી પડશે. લોન્ચ થયાના થોડા સમય પછી, ૧૦,૦૦૦ લોકોએ નોંધણી કરાવી. બીટા તબક્કાનું પ્રાથમિક ધ્યાન બેટરી ઑપ્ટિમાઈઝેશન અને સ્થિરતા પર છે. ટ્વિટરના સહ-સ્થાપક જેક ડોર્સીએ જે નવી મેસેજિંગ એપ લોન્ચ કરી છે. તે સાવ અનોખી ટેકનોલોજી છે. તે એપ ઈન્ટરનેટ કનેક્શન વિના કેવી રીતે કામ કરે છે તે આશ્ચર્યનો વિષય છે. આનો અર્થ એ થયો કે હવે આ એપનો ઉપયોગ કરવા માટે મોંઘા ભાવના રિચાર્જ કરવા નહીં પડે. વપરાશકર્તાઓ ઈન્ટરનેટ વિના આ એપ દ્વારા એકબીજાને સંદેશા મોકલી શકશે. આ ગોપનીયતા-કેન્દ્રિત મેસેજિંગ એપ્લિકેશન પીઅર-ટુ-પીઅર ટેકનોલોજી પર આધારિત છે અને તેને કોઈપણ કેન્દ્રીયકૃત સર્વર અથવા ફોન નેટવર્કની જરૂર નથી. હાલમાં, આ એપ ફક્ત ટેસ્ટ ફ્લાઈટ પ્લેટફોર્મ પર આઈફોન વપરાશકર્તાઓ માટે ઉપલબ્ધ છે. બિટચેટ બ્લૂટૂથ નેટવર્ક પર કામ કરે છે. તે તમારા ફોનમાં ઉપલબ્ધ હોવું જરૂરી છે. બિટચેટ બ્લૂટૂથ લો એનર્જી (BLE) મેશ નેટવર્ક્સ પર કાર્ય કરે છે. જેમાં સ્માર્ટફોન એકબીજામાં નાના ક્લસ્ટર બનાવે છે અને એક ઉપકરણથી બીજા ઉપકરણ પર એન્ક્રિપ્ટેડ સંદેશાઓ મોકલે છે. તે બ્લૂટૂથ દ્વારા કામ કરતું હોવાથી, તેને Wi-Fi કે મોબાઈલ ડેટાની જરૂર નથી. આ એપ ખાસ કરીને એવી જગ્યાએ ઉપયોગી છે જ્યાં ઈન્ટરનેટ કનેક્શન ઉપલબ્ધ નથી અથવા જ્યાં નેટવર્ક ડાઉન છે. વોટ્સએપ અથવા ટેલિગ્રામ જેવી પરંપરાગત મેસેજિંગ એપ્લિકેશનોથી વિપરીત, બિટચેટ સંપૂર્ણપણે વિકેન્દ્રિત છે. આ માટે, વપરાશકર્તાઓને ઈમેઈલ અથવા ફોન નંબર સાથે એકાઉન્ટ બનાવવાની જરૂર નથી. સંદેશાઓ ફક્ત વપરાશકર્તાઓના ઉપકરણો પર જ સંગ્રહિત થાય છે અને થોડા સમય પછી આપમેળે કાઢી નાખવામાં આવે છે. આ વપરાશકર્તાઓની ગોપનીયતા અને સેન્સરશીપથી રક્ષણ સુનિશ્ચિત કરે છે. બિટચેટની ઉપલબ્ધતા વિષયે પણ ચોખવટ કરવામાં આવી છે. બિટચેટ હાલમાં બીટા પરીક્ષણ તબક્કામાં છે અને તે ફક્ત એપલના ટેસ્ટફ્લાઈટ પ્લેટફોર્મ પર જ ઉપલબ્ધ છે. લોન્ચ થયા પછી તરત જ તેણે ૧૦,૦૦૦ પરીક્ષકોની મર્યાદા પાર કરી. જેક ડોર્સીએ એપના શ્વેતપત્ર અને બીટા આમંત્રણને જાહેરમાં શેર કર્યું છે. બીટા તબક્કામાં, વિકાસકર્તાઓ બેટરી ઑપ્ટિમાઈઝેશન અને રિલે-સ્થિરતા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. અંતિમ પ્રકાશનમાં Wi-Fi પ્રોટોકોલનો સમાવેશ કરવાની યોજના છે, જેથી ચિત્રો અને વીડિઓઝ જેવી સમૃદ્ધ સામગ્રી પણ શેર કરી શકાય. ભવિષ્યમાં તેને વધુ પ્લેટફોર્મ માટે ઉપલબ્ધ કરાવવાની પણ યોજના છે.

## શબ્દ સંજોગ-૨૦૩૩



**આડી ચાવી :**
(૧) વિષ્ણુનો એક અવતાર (૨)
(૩) એક ફિલ્મ (૫)
(૮) ઈંદ્રનો સારથિ (૩)
(૧૦) આશ્ચર્ય કે હબકની સ્તબ્ધતાની વ્યાપક અસર (૫)
(૧૨) ચપટી (૪)
(૧૪) મુરાદ, ધારણા (૪)
(૧૫) યંત્રની ચાવી, ચાંપ (૨)
(૧૬) રીત, રિવાજ (૩)
(૧૭) પિતાના સાઢુભાઈ (૨)
(૧૮) વસ્તુનું પૂરતું અને આવશ્યક વર્ણન (૨)
(૧૯) બળ, જોર (૨)
(૨૧) એક ઘરેણું (૩)
(૨૩) રકાબી (૨)
(૨૪) માન, શરમ (૩)
(૨૫) થોડું, જરા (૩)
(૨૮) ઓછુંવત્તું, ચડતુંઊતરતું (૪)
(૨૯) હાજરી, શિરામણ (૨)

**ઉભી ચાવી :**
(૧) રામની જીવનકથા (૪)
(૨) હઠ, મમત (૨)
(૪) સાર, સત્વ (૪)
(૫) સંતરામ મંદિર અહિંયા આવેલું છે. (આ-અ) (૪)
(૬) ફતેહમંદ, સફળ (૨)
(૭) નારી, મહિલા (અ) (૨)
(૯) રતન જોતના ફળનો રસ (૪)
(૧૧) આનંદ ખાતર કરેલી મશ્કરી મજાક-તોફાન (૩)
(૧૩) એક જાતનો પથ્થર (૪)
(૧૫) રસાકસી, ચડસા-ચડસી (૪)
(૧૬) રાખ, ભસ્મ (૨)
(૧૭) તાલેવાન, શ્રીમંત (૪)
(૧૮) ભાષાના શુદ્ધ પ્રયોગો, નિયમો વગેરેનું શાસ્ત્ર (૪)
(૨૦) સવડ, સોઈ (૪)
(૨૨) વીતી ગયેલું (૩)
(૨૬) વતન, રહેઠાણ (૨)
(૨૭) ગૂણ, કોથળો (૨)

## શબ્દ સંજોગ-૨૦૩૨ જવાબ

**આડી ચાવી:** (૧) અમૃત (૩) રંધો (૪) ભોર (૬) જનક (૮) સાજન (૯) તર્ક (૧૦) શમન (૧૧) પલક (૧૪) રદ (૧૬) સરોદ (૧૮) કરમ (૧૯) વિના (૨૦) શચિ (૨૧) નરાજ (૨૨) અશોક (૨૪) યશ (૨૬) રીઝ (૨૭) રમજાન.
**ઉભી ચાવી :** (૧) અમૃતસર (૨) તજ (૩) રંક (૪) ભોજન (૫) રન (૭) નસલ (૮) સામવેદ (૧૨) કસર (૧૩) તુલના (૧૫) દધીચિ (૧૭) રોમન (૧૮) કલશોર (૧૯) વિજય (૨૦) શબરી (૨૩) કમ (૨૫) શર.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૬૯૧ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૮૯ |
| જુવાર સફેદ | ૭૦૪ | ૭૮૦ |
| જુવાર પીળી | ૩૧૦ | ૪૮૫ |
| બાજરી | ૩૬૦ | ૪૩૫ |
| તુવેર | ૧૦૭૦ | ૧૩૪૮ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૩૪ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૨૦૫૮ |
| અડદ | ૧૧૪૬ | ૧૪૨૬ |
| મગ | ૧૩૨૧ | ૧૬૨૧ |
| વાલ દેશી | ૧૦૫૦ | ૧૮૦૦ |
| ચોળી | ૯૫૦ | ૧૫૮૦ |
| મઠ | ૧૨૧૦ | ૨૩૪૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૮૫૦ |
| રાજમા | ૧૧૦૦ | ૧૬૦૦ |
| સીંગદાણા | ૧૪૫૦ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૯૨૫ | ૧૧૯૦ |
| મગફળી જીણી | ૯૧૫ | ૧૧૬૫ |
| તલી | ૧૫૫૦ | ૨૦૯૦ |
| એરંડા | ૧૨૮૦ | ૧૩૨૬ |
| અજમો | ૧૦૨૦ | ૧૬૩૦ |
| સુવા | ૯૪૦ | ૧૩૧૭ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૯ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૭૦ |
| કાળા તલ | ૨૯૪૦ | ૩૯૫૧ |
| લસણ | ૬૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૨૬૧ | ૧૩૯૦ |
| ધાણી | ૧૩૦૧ | ૧૪૨૦ |
| વરીયાળી | ૧૦૮૮ | ૧૩૯૪ |
| જીરૂ | ૩૪૫૦ | ૩૭૫૫ |
| રાય | ૧૧૮૦ | ૧૩૮૦ |
| મેથી | ૮૪૦ | ૧૩૪૦ |
| ઇસબગુલ | ૧૦૮૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૩૪૦૦ | ૪૦૦૧ |
| રાયડો | ૧૧૪૦ | ૧૨૮૦ |
| રજકાનું બી | ૪૮૦૦ | ૫૩૦૦ |
| ગુવારનું બી | ૯૧૦ | ૯૮૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૩૩૦ |
| ટમેટા | ૫૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૧૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૫૨૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ચોળાસીંગ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૧૪૦૦ |
| દુધી | ૨૨૦ | ૪૧૦ |
| કારેલા | ૭૦૦ | ૧૦૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૫૦૦ | ૭૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૬૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૧૪૦૦ | ૧૭૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૯૧૧ | ૧૬૫૬ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૪૯૪ | ૫૨૮ |
| મગફળી જીણી | ૮૪૧ | ૧૧૦૦ |
| સિંગદાણા જાડા | ૧૦૦૦ | ૧૫૦૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૬૧ |
| એરંડા / એરંડી | ૮૨૬ | ૧૩૨૬ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૮૬૧ |
| ધાણા | ૮૫૧ | ૧૪૮૧ |
| લસણ સુકું | ૫૬૧ | ૯૯૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૨૮૬ |
| અડદ | ૬૦૧ | ૧૪૧૧ |
| મઠ | ૩૦૧ | ૪૫૧ |
| તુવેર | ૪૫૧ | ૧૩૦૧ |
| રાજગરો | ૫૭૬ | ૫૭૬ |
| રાયડો | ૧૨૩૧ | ૧૨૩૧ |
| મેથી | ૫૫૧ | ૧૦૧૧ |
| કાંગ | ૨૫૧ | ૬૦૧ |
| મગફળી જાડી | ૭૭૧ | ૧૨૨૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૨૦૮૧ |
| મગફળી નવી | ૬૭૧ | ૧૨૦૬ |
| તલ - તલી | ૧૧૫૧ | ૨૧૧૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૫૩૧ |
| ડુંગળી સફેદ | ૧૩૧ | ૨૦૬ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૮૮૧ |
| મકાઇ | ૪૫૦ | ૫૧૧ |
| મગ | ૭૭૬ | ૧૬૩૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૫૧ |
| વાલ | ૫૦૧ | ૧૧૬૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૬૯૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૫૬ |
| કળથી | ૬૦૧ | ૮૫૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦૦ | ૯૦૦ |
| મરચા | ૮૦૦ | ૨૪૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૩૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૧૮૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૬૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૨૨૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૮ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૬ | ૮ |
| કોથમીર પુરા | ૨ | ૧૫ |
| મૂળા પુરા | ૧૦ | ૧૫ |
| ચ્રૂણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| પરવળ | ૭૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૩ | ૨૫ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૪૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૫૦૦ |
| પાલક પુરા | ૬ | ૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૬૦ | ૧૦૬૪ |
| ગીરનારી શિંગ | ૧૧૨૦ | ૧૧૨૦ |
| શિંગ મોટી | ૭૮૧ | ૧૧૩૧ |
| શિંગ દાણા | ૧૩૧૦ | ૧૫૪૧ |
| શિંગ ફાડા | ૯૨૫ | ૧૫૨૦ |
| તલ સફેદ | ૧૧૨૫ | ૨૨૦૫ |
| તલ કાળા | ૨૩૩૦ | ૩૭૩૦ |
| તલ કાશ્મીરી | ૧૨૦૦ | ૨૪૧૮ |
| બાજરો | ૨૬૧ | ૪૫૦ |
| જુવાર | ૨૮૫ | ૭૧૫ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૫ |
| ઘઉં લોકવન | ૪૧૧ | ૫૪૯ |
| મગ | ૧૦૫૧ | ૧૪૨૪ |
| અડદ | ૮૮૦ | ૧૨૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૯ |
| ચણા સફેદ | ૧૦૯૨ | ૧૦૯૬ |
| છોલે ચણા | ૧૧૧૧ | ૧૧૧૯ |
| ચોળી | ૧૬૫૨ | ૧૬૫૨ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૫૩ |
| કપાસ | ૮૦૮ | ૧૬૫૬ |
| એરંડા | ૧૧૬૦ | ૧૩૦૧ |
| જીરૂ | ૧૯૦૦ | ૪૦૪૫ |
| ધાણી | ૧૧૨૫ | ૧૩૩૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૨ |
| કાંગ | ૩૨૫ | ૪૮૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૦૮ |
| રીંગણા | ૧૪૦૦ | ૧૮૮૦ |
| ફુલાવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૫૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૭૫૦ | ૮૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ગાજર | ૭૦૦ | ૮૦૦ |
| દૂધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૯૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૫૦ |
| કાકડી | ૭૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૧૮૦૦ |
| વટાણાં | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ફુદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૦૫૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ સુકુ | ૧૫૫૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૫૦ | ૩૫૦ |
| પાલક | ૧૨૦૦ | ૧૫૦૦ |
| **ધારી** | | |
| ચણા | ૧૦૨૫ | ૧૧૦૦ |
| તલ | ૧૧૦૦ | ૧૬૧૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| મગ | ૯૦૦ | ૧૫૫૧ |
| મેથી | ૬૦૦ | ૬૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૫૫ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૩૨૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૩૭૦ |
| સોયાબીન | ૭૬૦ | ૭૭૬ |
| મગ | ૧૦૨૫ | ૧૩૯૦ |
| કાંગ | ૪૦૦ | ૪૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૯૦ |
| કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૬૦ |
| મગફળી | ૧૦૧૫ | ૧૦૬૫ |
| જીરૂ | ૨૮૧૫ | ૩૭૬૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| તલ સફેદ | ૧૬૩૫ | ૧૭૦૦ |
| તલ કાળા | ૨૫૧૦ | ૩૪૭૦ |
| ચણા | ૧૦૫૫ | ૧૧૦૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૭૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૦૧૫ | ૧૬૨૮ |
| કપાસ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| બાજરો | ૩૫૧ | ૪૭૧ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૫૦ |
| જુવાર | ૪૦૧ | ૮૪૦ |
| મગ | ૧૨૦૧ | ૧૪૭૮ |
| તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૯૦૧ | ૧૧૦૮ |
| અજમા | ૧૫૦૦ | ૧૫૦૧ |
| મેથી | ૭૫૦ | ૭૬૧ |
| સોયાબીન | ૭૯૦ | ૭૯૦ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૪૭૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૩૦ | ૧૦૬૧ |
| શીંગ મોટી | ૧૦૪૦ | ૧૧૦૦ |
| શીંગ ઉનાળુ | ૧૧૦૦ | ---- |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૩૧ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૭૨૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૭૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૦ |
| બાજરો | ૩૫૦ | ૫૦૯ |
| જુવાર | ૪૨૦ | ૭૫૦ |
| મગ | ૧૧૫૦ | ૧૩૬૮ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૨૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૨૦ |
| એરંડી | ૧૧૫૦ | ૧૩૦૨ |
| મેથી | ૮૦૦ | ---- |
| રાય/રાયડો | ૧૦૦૮ | ---- |
| ધાણા | ૭૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૧૦ | ૭૭૭ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૩૦ | ૧૧૩૨ |
| મગફળી ૩૨ નં. | ૯૦૦ | ૧૦૩૫ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૫૧૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૩૭ |
| જુવાર | ૫૧૧ | ૭૦૦ |
| ચોળી | ૭૦૦ | ૧૭૧૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૪૦૪ |
| મગ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૭૪ |
| ચણા | ૧૦૨૫ | ૧૧૦૦ |
| સફેદ તલ | ૧૨૦૦ | ૧૯૦૨ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૭૪૫ |
| સોયબીન | ૮૦૦ | ૮૨૭ |
| શીંગદાણા | ૧૨૫૦ | ૧૮૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૬૧૬ |
| ઘઉં | ૩૫૧ | ૫૦૧ |
| મગ | ૬૫૧ | ૧૨૯૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૭૧ |
| તુવેર | ૮૦૧ | ૧૨૯૬ |
| મગફળી | ૭૦૧ | ૯૩૬ |
| શિંગ દાણા | ૧૩૦૧ | ૧૪૭૬ |
| શિંગ ફાડા | ૧૦૦૧ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૮૦૧ |
| ધાણા | ૯૦૧ | ૧૩૦૬ |
| સોયાબીન | ૬૦૧ | ૭૮૧ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૭૫ | ૫૨૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૮ |
| મગ | ૧૨૦૦ | ૧૫૭૦ |
| અડદ | ૯૫૦ | ૧૩૭૦ |
| તુવેર | ૯૧૦ | ૧૩૭૫ |
| ચોળી | ૧૧૦૦ | ૧૪૮૦ |
| વાલ | ૨૦૦ | ૪૫૦ |
| મેથી | ૭૫૦ | ૧૧૪૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૪૬ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૫૬૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૦૦ |
| મગફળી જાડી | ૮૭૦ | ૧૦૯૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૩૦૬ |
| તલ | ૧૬૦૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૯૯૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૨૮ |
| રાઈ | ૧૧૫૦ | ૧૪૪૦ |
| લસણ | ૫૫૦ | ૧૦૪૦ |
| જીરૂ | ૨૪૭૫ | ૩૮૦૦ |
| અજમો | ૮૫૦ | ૨૪૧૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૮૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૪૨૫ |
| ડુંગળી સૂકી | ૪૦ | ૨૭૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૫ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૯૭૧ | ૧૩૪૮ |
| શીંગ ૩૨ | ૮૫૦ | ૧૦૫૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૯ | ૧૦૫૬ |
| એરંડા | ૧૦૩૫ | ૧૨૬૦ |
| જુવાર | ૪૨૬ | ૬૫૧ |
| બાજરી | ૩૯૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૪ |
| અડદ | ૫૧૧ | ૧૨૧૫ |
| મગ | ૪૨૧ | ૧૪૮૨ |
| રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૯૨ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૮૫ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૬૦૧ |
| તુવેર | ૧૦૩૦ | ૧૦૩૦ |
| જીરૂ | ૩૩૧૦ | ૩૩૧૦ |
| ડુંગળી લાલ | ૧૨૬ | ૨૫૧ |
| ડુંગળી સફેદ | ૬૦ | ૨૫૫ |
| કપાસ શંકર | ૬૫૦ | ૧૪૮૧ |
| નાળીયેર | ૧૯૨૦ | ૩૨૯૨ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ભેંસાણ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સુરક્ષા અને શિક્ષણ સુધારવા માંગ : શિક્ષકોની ઘટ પૂરવા રજૂઆત

ભેંસાણ,તા.૧૦

જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સુરક્ષા વધારવા અને શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે એક મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે. હરીપરા પ્લોટ, ભેંસાણના નિવાસી ગોપાલભાઈ મગનભાઈ ભેંસાણીયા દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જૂનાગઢને લખેલા પત્રમાં ભેંસાણ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં તાત્કાલિક ધોરણે CCTV કેમેરા અને બાયોમેટ્રિક સિસ્ટમ ચાલુ કરવા તેમજ ઘટતા શિક્ષકોની વૈકલ્પિક વ્યવસ્થા કરવા વિનંતી કરવામાં આવી છે. પત્રમાં જણાવાયું છે કે, તાજેતરમાં ભેંસાણ તાલુકાની અમર શૈક્ષણિક સંસ્થામાં બનેલી ઘટનાને ધ્યાનમાં રાખીને, શાળાઓના તમામ રૂમ, મેદાન, મધ્યાહન ભોજન વ્યવસ્થા અને ઓફિસ સહિતના વિસ્તારોમાં સ્પષ્ટ દેખાય તે રીતે CCTV કેમેરા અને બાયોમેટ્રિક સિસ્ટમ તત્કાલ ચાલુ કરાવી જોઈએ. આનાથી બાળકોના અપહરણ અને શોષણ જેવી ઘટનાઓને રોકી શકાશે તેમજ શૈક્ષણિક ગુણવત્તા અને વહીવટી પારદર્શિતા જાળવી શકાશે. આ સુવિધાઓ માટે જરૂરી ભંડોળ અને તકનીકી સહાય પૂરી પાડવા પણ વિનંતી કરવામાં આવી છે. વધુમાં, પત્રમાં ભેંસાણ તાલુકાની અનેક પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભારે ઘટ હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. આ ઘટને કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ પર પ્રતિકૂળ અસર પડી રહી છે. તેથી, આ ખામી દૂર કરવા માટે શિક્ષકોની તાત્કાલિક નિમણૂક અથવા વૈકલ્પિક વ્યવસ્થા, જેમ કે કાયમી શિક્ષકોની ભરતી કરવા તાકીદ કરવામાં આવી છે. ગોપાલભાઈ ભેંસાણીયાએ આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા આદેશ આપવા વિનંતી કરી છે.

# અમરેલીમાં મનરેગાના કામોની માહિતી ગ્રામસભામાં જાહેર કરવા હિરેન હિરપરાની માંગ

અમરેલી,તા.૧૦

દેશના ગ્રામીણ ક્ષેત્રે સૌથી વધુ રોજગારી પૂરી પાડતી અને ગામડાઓના વિકાસમાં મહત્વપૂર્ણ બની ચૂકેલી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) અંતર્ગત થયેલા કામોની વિગતવાર માહિતી ગ્રામસભાઓ મારફતે જાહેરમાં આપવાની માંગ ઉઠી છે. અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ મહામંત્રી, કિસાન મોરચા ગુજરાત ભાજપ, હિરેનભાઈ હિરપરાએ આ સંદર્ભે ગ્રામ વિકાસ કમિશનને પત્ર પાઠવી રજૂઆત કરી છે. પત્રમાં જણાવાયું છે કે, મનરેગા યોજના અંતર્ગત વંચિતોને ૧૦૦ દિવસની રોજગારી ઉપરાંત પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવે છે. આ વિકાસલક્ષી અને રોજગારી આપતી યોજના હેઠળ અત્યાર સુધીમાં જે-જે ગામોમાં વિકાસના કામો થયા હોય,



તે કામોની યાદી, ખર્ચની રકમ, અને જે-જે વંચિતોને રોજગારી આપવામાં આવી છે તેની તમામ માહિતી સક્ષમ અધિકારીઓની હાજરીમાં ગ્રામસભાઓ ભરીને જાહેરમાં આપવામાં આવે. હિરપરાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો આમ કરવામાં આવે તો આ યોજનાની સાચી માહિતી જનતા સુધી પહોંચશે અને લાભાર્થીઓને મળેલા લાભોની પણ ખુલ્લી ચર્ચા થઈ શકશે. આ પગલાથી યોજનામાં વધુ પારદર્શિતા આવશે અને ગ્રામીણ વિકાસના કાર્યોની જાણકારી સ્થાનિક લોકોને મળી રહેશે, જેથી યોજનાનો મૂળભૂત ઉદ્દેશ્ય વધુ સાર્થક થશે.

# રાજુલામાં એસઆરપીના કર્મચારીઓ માટે રહેણાંક બનાવવા જગ્યા ફાળવવા માગણી

રાજુલા,તા.૧૦

જાફરાબાદ તાલુકાના બાલાની વાવ ગામે છેલ્લા ચારેક વર્ષથી અનામત પોલીસ જૂથ ૨૧ ગાંધીનગરથી સંચાલિત થાય છે. અહીં એસઆરપીનો કેમ્પ મંજૂર થતા આ વિસ્તારમાં લોકો ખૂબ જ રાહત અનુભવે છે. ધારાસભ્ય, મુખ્યમંત્રી, પોલીસ વડા વગેરેની મહેનત બાદ ચાર વર્ષથી એસઆરપીનું વડુ મથક બાલાની વાવમાં કાર્યરત થયું છે. આ ચાર વર્ષમાં એસઆરપીની કામગીરી પણ નોંધનીય રહી છે. રાજુલાની એક સેવાભાવી સંસ્થાએ સામેથી જ ગામ વચ્ચે જ મોટું બિલ્ડીંગ ભાડે આપી દીધું છે. રાજુલા શહેરમાં એસઆરપીની અનેક જીપો, મોટરસાયકલ બાલાની વાવથી રાજુલા આવતી હોય છે અને શહેરના માર્ગોમાંથી પસાર થાય છે.

આથી રાજુલામાં કાયદો અને વ્યવસ્થા જળવાય છે. રાજુલાના વેપારીઓની માંગણી છે કે, એસઆરપી આવાસ માટે રાજુલામાં જગ્યા ફાળવીને આવાસ બનાવવામાં આવે.

# ગુરુપૂર્ણિમાના શુભદિને તોરી ગામે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા

**નિરાધારોને રામરોટી, બાળકોને બટુકભોજન, સત્યનારાયણની કથા સહિત કાર્યક્રમોમાં ભક્તો જોડાયા**

તોરી, તા.૧૦

અમરેલી જિલ્લામાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં વડીયા તાલુકાના તોરી ગામે પણ ગુરુપૂર્ણિમાના મહોત્સવની



તસવીર : વિનુભાઈ કોટડીયા

ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તોરી ગામે ગુરૂવારના રોજ વહેલી સવારથી જ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી જેમાં નિરાધારોને રામરોટી, બાળકોને બટુકભોજન, ભજન-કીર્તન, પ્રભાતફેરી તેમજ સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ભાવિક ભક્તો ચતુરભાઈ બોરડ, મનસુખભાઈ પોસિયા, રાજુભાઈ દવે, બાબુભાઈ વોરા, માવજીભાઈ વાઘાણી, રતિભાઈ ગેવરીયા, બાબુભાઈ ગેવરીયાની સતત દેખરેખ અને મહેનતથી આ સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું.

# અમરેલી ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને રાજપીપળા કોર્ટમાં વકીલ સાથે પોલીસના દુર્વ્યવહારને વખોડ્યો

અમરેલી,તા.૧૦

અમરેલી ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનની એક મહત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય મુદ્દો તા. ૦૬/૦૭/૨૦૨૫ ના રોજ રાજપીપળાની કોર્ટમાં બનેલી ઘટના હતી, જેમાં એક વકીલને પોલીસ દ્વારા કોર્ટમાં પ્રવેશતા રોકવામાં આવ્યા હતા અને તેમની સાથે બેહુદુ વર્તન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. અમરેલી જિલ્લા બાર એસોસિએશને આ સમગ્ર ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી છે. એસોસિએશને માંગણી કરી છે કે, જે પોલીસ કર્મચારી દ્વારા આવું વર્તન કરવામાં આવ્યું હોય તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. આ ઉપરાંત, વકીલ હિતમાં ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે પણ ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવી છે. આ બેઠકમાં વકીલ સમુદાયના સન્માન અને સુરક્ષાના મુદ્દા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# કોડીનારના મિતિયાજ ગામના શેરડી પકવતા ખેડૂતો ભૂંડના ત્રાસથી ત્રાહિમામ

કોડીનાર,તા.૧૦

કોડીનાર તાલુકાના મિતિયાજ, રોણાજ સહિત આસપાસના અનેક ગામોમાં શેરડી પકવતા ખેડૂતો જંગલી ભૂંડોના વધતા ત્રાસથી ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોએ દેવું કરીને મોંઘુ બિયારણ ખરીદી શેરડીનું વાવેતર કર્યું હતું, પરંતુ પાક મોટો થતાં જ જંગલી ભૂંડોના ટોળાં ખેતરોમાં ત્રાટકીને શેરડીને ભારે નુકસાન પહોંચાડી રહ્યા છે, જેના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કફોડી બની છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, કોડીનાર તાલુકાના



તસવીર : કુલદીપ પાઠક

ખેડૂત આગેવાન અને મિતિયાજ ગામના સરપંચ સુરપાલસિંહ બારડે કૃષિ વિભાગ અને સરકાર સમક્ષ તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. તેમણે જિલ્લાના કૃષિ વિભાગને રજૂઆત કરી છે કે, ખેડૂતોને જંગલી ભૂંડોના ત્રાસમાંથી મુક્તિ મળે અને તેમને થયેલા પાક નુકસાનનું તાત્કાલિક ધોરણે વળતર ચૂકવવામાં આવે. ખેડૂતોને ભવિષ્યમાં આવા નુકસાનથી બચાવવા માટે જંગલી ભૂંડો સામે રક્ષણાત્મક પગલાં લેવામાં આવે તે અત્યંત જરૂરી છે. સરકાર આ ગંભીર સમસ્યા પર ધ્યાન આપીને તાત્કાલિક રાહત પૂરી પાડે અને ખેડૂતોને તેમના પાક અને આજીવિકા બચાવવામાં મદદ કરે.

# લીલીયાની સરકારી કોલેજમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી: ગુરુમહિમાનું ઊંડાણપૂર્વક માર્ગદર્શન અપાયું

લીલીયા,તા.૧૦

લીલીયા સ્થિત સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં એનએસએસ વિભાગ, સપ્તધારા અને સંસ્કૃત વિભાગના સંયુક્ત ઉપક્રમે ગુરુપૂર્ણિમા ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ, સભ્યતા અને શિક્ષણના પાયા સમાન ગુરુના અનેરા મહત્વને ઉજાગર કરતા આ કાર્યક્રમનું આયોજન કોલેજના




આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડની ઉચ્ચતમ પ્રેરણાથી કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ સાહેબે ગુરુ મહિમા વિશે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પાઠવીને કરી હતી. ત્યારબાદ, ડૉ. મહેશ એસ. ગઢીયા, ડૉ. શિબીર પરમાર અને પ્રો. વિરાજબેન રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાસંગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ભરત ખેની દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે કાર્યક્રમની આભારવિધિ ડૉ. પ્રકાશકુમાર પરમાર દ્વારા કરવામાં આવી હતી. કોલેજના તમામ અધ્યાપકોએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સઘન જહેમત ઉઠાવી હતી.

# ઊનાથી ચોટીલા અને માતાના મઢ સુધી સીધી બસ સેવા શરૂ કરવાની માંગ

ઊના,તા.૧૦

ઊનાના સામાજિક આગેવાન અને અખિલ ભારતીય કોળી સમાજના મહામંત્રી રસિક ચાવડાએ ઊનાથી ખાસ કરીને ચોટીલા અને માતાના મઢ (કચ્છ), માટે સીધી બસ સેવા શરૂ કરવાની માંગ કરી છે. આ અંગે વાહનવ્યવહાર મંત્રી, વિભાગીય નિયામક, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત રાજ્ય માર્ગ



વાહનવ્યવહાર નિગમના મેનેજિંગ ડિરેક્ટરને પત્ર લખી રજૂઆત કરી છે કે, ઊના વિસ્તારના હજારો પરિવારો માટે મા ચામુંડા માતા (ચોટીલા) અને મા આશાપુરા માતા (માતાનો મઢ, કચ્છ) કુળદેવી તરીકે પૂજાય છે. તેમ છતાં, હાલ ઊનાથી આ બંને ધર્મસ્થાનો સુધી પહોંચવા માટે એક પણ સીધી બસ સેવા ઉપલબ્ધ નથી. આના કારણે શ્રદ્ધાળુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. બસ સેવા તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે.

# કોડીનારના કાજ ગામે ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતીની ઉજવણી કરાઈ

ઉના,તા.૧૦

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય “મેરા યુવા ભારત” ગીર સોમનાથ દ્વારા કાજ ગામમાં આવેલ વોકેશનલ



સ્કીલ ટ્રેનીંગ ઈન્સ્ટિટ્યૂટ (મુકામે તાલીમાર્થીઓને ડો.શ્યામાપ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી તેમજ તેમના જીવન ચરિત્રની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી તેમજ ફુલહાર દ્વારા તેમને વંદના કરવામાં આવી હતી. તાલીમાર્થીઓને ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવનકવન વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# કોડીનારના ડોળાસામાંથી સગીરાનું અપહરણ, એક મહિના બાદ પણ પોલીસના હાથ ખાલી

કોડીનાર,તા.૧૦

કોડીનાર તાલુકાના ડોળાસા ગામમાં એક સનસનાટીભર્યા બનાવમાં, સાડા સોળ વર્ષની એક સગીર લોહાણા કિશોરીને ગામનો જ એક વાણંદ યુવાન બદઈરાદે ભગાડી ગયો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટનાને એક મહિનાથી વધુ સમય વીતી જવા છતાં, પોલીસ હજુ સુધી અપહૃત સગીરા કે આરોપીની ભાળ મેળવી શકી નથી, જેના કારણે પરિવારજનોમાં ચિંતા અને રોષ વ્યાપ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ડોળાસા ગામના એક લોહાણા વેપારીની સગીર દીકરીને ગામનો જ કાર્તિક જેન્તીભાઈ સોલંકી નામનો વાણંદ યુવાન પટાવી, ફોસલાવી અને લાલચ આપીને બદકામ કરવાના ઈરાદે તા. ૦૩/૦૬/૨૦૨૫ ના રોજ રાત્રિના સમયે ઘરેથી ભગાડી ગયો છે. સગીરા સાથે સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ પણ ગાયબ થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતે કોડીનાર પોલીસ સ્ટેશનમાં નામજોગ ફરિયાદ કરવા છતાં, એફ.આઈ.આર. માં આરોપીના નામ લખવામાં ન આવ્યા હોવાનો પરિવારજનોએ રજૂઆતમાં આક્ષેપ કર્યો છે.

## મહે. શ્રીલાઠીતાલુકામેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાંમુ. લાઠી

ફો.પ.અ.નં.૯૧/૨૦૨૫

અરજદાર :- મેતલીયા બટુકભાઈ રાજાભાઈ ઉ.વ.પુખ્ત
ધંધો નીવૃતીકામ ધર્મે હિન્દુ/પટેલ
રહે.મતીરાળા, તા.લાઠી, જી.અમરેલી
અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે. લાઠી

- //વિરૂધ્ધ//-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી ત.ક.મ. અધિકારી
મતીરાળા ગ્રામ પંચાયત

**-// જાહેર નોટીસ //-**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે મતીરાળા ગામના રહેવાસી છે. અરજદારની પુત્રી મેતલીયા મનિષાબેન બટુકભાઈ ની જન્મનોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર ની પુત્રી મેતલીયા મનિષાબેન બટુકભાઈ નો જન્મ જે તે સમયે મતીરાળા મુકામે જન્મ તારીખ-૩૦/૦૪/૧૯૭૯ ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ: ૨૪/૭/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિ રહેવું તેમ કરવામા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો

**સ્થળ : લાઠી** — **શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા**
**તારીખ : ૨/૭/૨૦૨૫** — **મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**

## -// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૭૩/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી રતનબેન ભીમાભાઈ મોરી
રહે. ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ શ્રી ભીમાભાઈ કાનાભાઈ મોરી તથા શ્રી રતનબેન ભીમાભાઈ મોરી ની પુત્રી શ્રી ગીતાબેન ભીમાભાઈ મોરી નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૮૯ માં કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસા ગામના સને.૧૯૮૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# કોડીનારના કડવાસણમાં સહકારી મંડળી દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસની ઉજવણી

કોડીનાર,તા.૧૦

આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસની ઉજવણીના ભાગરૂપે ધી કોડીનાર તાલુકા કો બેન્કિંગ યુનિયન સેવા સહકારી



તસવીર : કુલદીપ પાઠક

મંડળીના માર્ગદર્શન હેઠળ કડવાસણ સેવા સહકારી મંડળી અને કોડીનાર તાલુકા કો-ઓપરેટિવ બેંન્કિગ યુનિયન શાખા દ્વારા કડવાસણ ગામે ખાસ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે સ્થાનિક શાળાના વિદ્યાર્થીઓને બેંન્કિગ વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મંડળીના મંત્રી રાજેશભાઈ અગ્રાવતે બાળકોને બેંક અને સહકારિતાની કાર્યપદ્ધતિ, બચતનું મહત્વ, ખાતા ખોલવાના લાભ, ktc atm તથા મંડળી સંબંધિત ધિરાણ સહિતના બેંન્કિગ વ્યવહારની પ્રાથમિક માહિતી આપી હતી. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં નાણાકીય અને સહકારિતા મૂલ્યો પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો. વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછીને જવાબ મેળવ્યા હતા.

## -// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૭૭/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વાલુબેન હરજી સોલંકી
રહે. વેલણ
**વકીલશ્રી એન.એમ.જાદવ રહે. કોડીનાર** .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
(વેલણ-માઢવાડ-કોટડા) તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ શ્રી હરજી પુંજાભાઈ સોલંકી તથા શ્રી વાલુબેન હરજી સોલંકી ના પુત્ર શ્રી દિપક હરજી સોલંકી નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૮૭ ના રોજ કોડીનાર તાલુકાના કોટડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના (વેલણ-માઢવાડ-કોટડા) ગામના સને.૧૯૮૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**કોર્ટનો સિક્કો**

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# નેપાળ-ચીન સરહદ પર પૂરથી ભારે તબાહી : ૯ લોકોના મોત, ૧૯ લોકો ગુમ

કાઠમંડુ,તા.૧૦



નેપાળના રાસુવા જિલ્લામાં ચોમાસાના વરસાદને કારણે નદીમાં પૂર આવવાથી ઓછામાં ઓછા ૯ લોકોના મોત થયા છે અને ૧૯ અન્ય લોકો ગુમ થયા છે. ઉપરાંત, દેશને ચીન સાથે જોડતો "ફ્રેન્ડશીપ બ્રિજ" પૂરને કારણે ધોવાઈ ગયો છે. સોમવારે રાત્રે ચીનમાં પડેલા મુશળધાર વરસાદને કારણે નેપાળમાં ભોટેકોશી નદીમાં પાણી ભરાઈ ગયા હતા. નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટીના ડિરેક્ટર જનરલ દિનેશ ભટ્ટે પત્રકારોને જણાવ્યું હતું કે, "અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થયા છે, એક વ્યક્તિ ઘાયલ થયો છે, ૧૯ લોકો ગુમ થયા છે અને ૫૭ લોકોને બચાવી લેવામાં આવ્યા છે." નેપાળ સરકારે પૂરમાં માર્યા ગયેલા લોકોના પરિવારોને ૨ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે. ગુમ થયેલા લોકોમાં છ ચીની નાગરિકો અને ત્રણ પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે. ભટ્ટે જણાવ્યું હતું કે મંગળવારે કાઠમંડુથી ૧૨૦ કિમી ઉત્તર-પૂર્વમાં આવેલા રાસુવા જિલ્લાના કેટલાક ભાગોમાં આવેલા અચાનક પૂરથી મિતેરી પુલ, રાસુવાગાધી હાઈડ્રોપાવર પ્લાન્ટ અને નેપાળ-ચીન સરહદ નજીક સ્થિત 'ડ્રાય પોર્ટ'ના કેટલાક ભાગો સંપૂર્ણપણે નુકસાન થયું હતું.

# ઉત્તરાખંડમાં ભારે વરસાદે તબાહી મચાવતા રુદ્રપ્રયાગ-બદ્રીનાથ માર્ગ બંધ, શ્રધ્ધાળુઓને હાલાકી

(એચ.એસ.એલ),દહેરાદુન,તા.૧૦



ચોમાસાના આગમન સાથે, દેશના વિવિધ રાજ્યોમાં ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વરસાદે તબાહી મચાવી છે. દરમિયાન, ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે થયેલા મોટા ભૂસ્ખલનના કારણે રુદ્રપ્રયાગ-બદ્રીનાથ માર્ગ બંધ થઈ ગયો છે. આના કારણે ઘણા મુસાફરો ત્યાં ફસાયા છે. ઋષિકેશ જઈ રહેલા એક મુસાફર દિલપ્રીતએ જણાવ્યું કે તે ચાર કલાકથી વધુ સમયથી રસ્તા પર ફસાયેલો હતો. તેમણે મીડિયાને જણાવ્યું, "અમે ઋષિકેશ જઈ રહ્યા હતા, ત્યારે ભૂસ્ખલન થયું. કાટમાળ અને પથ્થરોએ રસ્તો રોકી દીધો છે. ક્રેન રસ્તો સાફ કરવા માટે કામ કરી રહી છે." તમને જણાવી દઈએ કે અધિકારીઓએ કાટમાળ દૂર કરવા અને સામાન્ય ટ્રાફિક પુનઃસ્થાપિત કરવા માટે ભારે મશીનરી તૈનાત કરી છે. રસ્તો ફરીથી ખોલવા અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવાના પ્રયાસો ચાલુ છે. નોંધનીય છે કે ૮ જુલાઈના રોજ, ચમોલી જિલ્લાના નંદપ્રયાગ ઘાટના મુખ ગામ પાસે વાદળ ફાટવાની ઘટના બની હતી. રાજ્ય આપત્તિ બચાવ દળ અનુસાર, અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી.

## મુંબઈમાં 'સિંદૂર બ્રિજ'નું ઉદ્ઘાટન, ઓપરેશન સિંદૂર ભારતીયોના હૃદયમાં રહે છે : ફડણવીસ


મુંબઈ,તા.૧૦

દક્ષિણ મુંબઈના પૂર્વ અને પશ્ચિમ કોરિડોરને જોડતા, પુનઃનિર્મિત કર્નાક બ્રિજ, જે હવે સિંદૂર બ્રિજ તરીકે ઓળખાય છે, તેનું ઉદ્ઘાટન ગુરુવારે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દ્વારા કરવામાં આવ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફ્લાયઓવર (બ્રિજ) દક્ષિણ મુંબઈમાં પૂર્વ-પશ્ચિમ ટ્રાફિક પ્રવાહમાં ઘણો સુધારો કરશે તેવી અપેક્ષા છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે આજે મુંબઈમાં ક્ષતિગ્રસ્ત કર્નાક બ્રિજના સ્થાને સિંદૂર બ્રિજનું ઉદ્ઘાટન થયું છે, જેને તોડી પાડવામાં આવ્યો હતો. કર્નાક એક જુલમી રાજ્યપાલ હતો. આપણે જાણીએ છીએ કે ઓપરેશન સિંદૂર ભારતીયોના હૃદયમાં રહે છે. તેથી જ અમે પુલનું નામ બદલીને સિંદૂર બ્રિજ રાખવાનો નિર્ણય લીધો છે. હું બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનો આભાર માનું છું. તેમણે રેકોર્ડ સમયમાં આ પુલનું બાંધકામ પૂર્ણ કર્યું છે. હું આ પુલ મુંબઈના લોકોને સમર્પિત કરું છું.

# યુપીમાં ત્રણ બાળકોને નદીમાં ફેંકી મારી નાખવાના ગુનામાં માતાને મૃત્યુદંડની સજા

લખનૌ,તા.૧૦




ઉત્તર પ્રદેશના ઔરૈયાથી મોટા સમાચાર સામે આવ્યા છે. ખરેખર, કોર્ટે ત્રણ બાળકોની હત્યારી માતાને મૃત્યુદંડની સજા ફટકારી છે. તમને જણાવી દઈએ કે માતાએ તેના ત્રણ માસૂમ બાળકોને તાલેપુરની સેંગુર નદીમાં ફેંકીને મારી નાખ્યા હતા. આ કેસની સુનાવણી એડીજી-૩ જજ સૈફ અહેમદની કોર્ટમાં થઈ હતી, ત્યારબાદ તેને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. તમને જણાવી દઈએ કે માતા દ્વારા કરવામાં આવેલી ક્રૂર હત્યાને કોર્ટમાં દુર્લભ માનવામાં આવી હતી. આ આખી ઘટના ઔરૈયા કોતવાલી વિસ્તારના તાલેપુર ગામની છે, જ્યાં એક મહિલાએ તેના ત્રણ માસૂમ બાળકોને સેંગુર નદીમાં ફેંકીને મારી નાખ્યા હતા. આ ઘટના પછી, મહિલા પર આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેણે તેના ત્રણેય બાળકોને મારી નાખ્યા છે કારણ કે તે તેના બાળકોને નફરત કરતી હતી. તમને જણાવી દઈએ કે આ ઘટના પછી આખા ગામમાં હોબાળો મચી ગયો હતો. માહિતી અનુસાર, આ ઘટના પાછળનું મુખ્ય કારણ કૌટુંબિક વિવાદ હોવાનું જણાવવામાં આવી રહ્યું હતું.

## રૂ.૨૪૩ કરોડના ખર્ચે બનેલા 'રામસેતુ પુલ'માં મસમોટા ગાબડાં, તાત્કાલિક બંધ કરો : કોર્ટ

(એચ.એસ.એલ),જયપુર,તા.૧૦

રાજસ્થાનના અજમેર શહેરના રામસેતુ પુલ અંગે લાંબા સમયથી ચાલી રહેલી જાહેર ચિંતા અને કાનૂની લડાઈ હવે એક નિર્ણાયક મોડ પર પહોંચી છે. સિવિલ જજ (પશ્ચિમ) અજમેરની કોર્ટે રામસેતુ પુલ અંગે મોટો ચુકાદો આપતા વહીવટીતંત્રને ૧૧ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં પુલને સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. તમને જણાવી દઈએ કે, રૂ.૨૪૩ કરોડના ખર્ચે બનેલા 'રામસેતુ પુલ'માં મસમોટા ગાબડાં પડી ગયા હતા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નહોતી આવતી. આ મામલે અજમેરના ૧૫ વકીલોએ મળીને કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી હતી. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, પુલની જર્જરિત હાલત હોવા છતાં વહીવટીતંત્રએ કોઈ નક્કર પગલાં નથી લીધાં, જેના કારણે સામાન્ય લોકોના જીવ પર જોખમ મંડરાઈ રહ્યું છે. ભૂતકાળમાં પણ પુલની હાલત અંગે ફરિયાદો સામે આવતી રહી છે, પરંતુ વહીવટી બેદરકારીને કારણે સમારકામનું કામ નથી થઈ શક્યું.

# દિલ્હી-એનસીઆરમાં ૪.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો, લોકોમાં ભયનો માહોલ

નવીદિલ્હી,તા.૧૦




ગુરુવારે સવારે દેશની રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા, જેના કારણે લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. ભારતીય સમય મુજબ, સવારે ૦૯:૦૪:૫૦ વાગ્યે આવેલા આ આંચકાઓની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૪ માપવામાં આવી હતી.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર હરિયાણાના ઝજ્જરમાં ૨૮.૬૩ ઉત્તર અક્ષાંશ અને ૭૬.૬૮ પૂર્વ રેખાંશ પર સ્થિત હતું, જેની ઊંડાઈ ૧૦ કિલોમીટર નોંધાઈ છે. દિલ્હી ઉપરાંત, નોઈડા, ગાઝિયાબાદ અને હરિયાણાના અન્ય ઘણા શહેરોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના કોઈ સત્તાવાર સમાચાર નથી. દિલ્હી-એનસીઆર પ્રદેશ ભૂકંપની દ્રષ્ટિએ સંવેદનશીલ ક્ષેત્રમાં આવે છે. અહીં હળવાથી મધ્યમ તીવ્રતાના ભૂકંપ વારંવાર આવે છે. ભૂસ્તરશાસ્ત્રીઓ આ વિસ્તારમાં થઈ રહેલી ભૂકંપીય પ્રવૃત્તિઓ પર સતત નજર રાખે છે.

# રશિયાએ પાકિસ્તાનને આર્થિક અને ઉર્જા વિકાસમાં મહત્વનું ભાગીદાર ગણાવ્યું

મોસ્કો,તા.૧૦



રશિયાએ ભારતના કટ્ટર દુશ્મન પાકિસ્તાનને 'મહત્વપૂર્ણ ભાગીદાર' અને 'કુદરતી સાથી' ગણાવ્યું છે. તેનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ છે. ઈસ્લામાબાદ સ્થિત વિદેશ કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર નિવેદન અનુસાર, ગુરુવારે મોસ્કોમાં એક બેઠક દરમિયાન, એક ટોચના રશિયન અધિકારીએ પાકિસ્તાનને આ ક્ષેત્રના આર્થિક અને ઉર્જા વિકાસમાં "મહત્વપૂર્ણ ભાગીદાર" અને "કુદરતી સાથી" ગણાવ્યું છે. રશિયાએ પાકિસ્તાનને "મહત્વપૂર્ણ ભાગીદાર" ગણાવ્યું છે અને બંને દેશોને "કુદરતી સાથી" ગણાવ્યા છે. રશિયા-પાકિસ્તાન સંબંધો ભારતની ચિંતામાં વધારો કરે તેવી અપેક્ષા છે. જોકે, બંને દેશોએ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી.આ ટિપ્પણીઓ રશિયા વતી નાયબ વડાપ્રધાન એલેક્સી ઓવરચુકે પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફના વિદેશ બાબતોના વિશેષ સહાયક તારિક ફાતામી અને ઉદ્યોગ અને ઉત્પાદન બાબતોના એસએપીએમ હારુન અખ્તર ખાન સાથેની વાતચીત દરમિયાન કરી હતી.

## બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની મુશ્કેલીઓ વધી, માનવતા વિરુદ્ધ ગુના કેસમાં આરોપ ઘડવામાં આવ્યા

ઢાકા,તા.૧૦



બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની મુશ્કેલીઓ અટકવાનું નામ નથી લઈ રહી. તેમને એક પછી એક સતત આંચકા મળી રહ્યા છે. હવે ભૂતપૂર્વ વડાપ્રધાન હસીનાને બીજા કેસમાં ટ્રાયલનો સામનો કરવો પડશે. માનવતા વિરુદ્ધ ગુના કેસમાં તેમની સામે આરોપો ઘડવામાં આવ્યા છે. આ સમાચાર બાંગ્લાદેશના સ્થાનિક મીડિયાને ટાંકીને બહાર આવી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઢાકાની એક કોર્ટમાં માનવતા વિરુદ્ધના ગુનાઓ સહિત ૫ કેસોમાં શેખ હસીના વિરુદ્ધ ઔપચારિક ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૪ માં થયેલી હિંસા દરમિયાન લગભગ ૧,૪૦૦ નાગરિકોના મૃત્યુ માટે શેખ હસીનાને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.

## ઉત્તર પ્રદેશના માધપુરના જમાલુદ્દીને ૧૫૦૦ હિન્દુ છોકરીઓનું ધર્માંતરણ કરાવ્યું હોવાનો દાવો

લખનૌ,તા.૧૦

ઉત્તર પ્રદેશના બલરામપુર જિલ્લાના માધપુરના રહેવાસી જમાલુદ્દીન ઉર્ફે ચાંગુર બાબા અને તેના સહયોગી નીતુ ઉર્ફે નસરીનની તાજેતરમાં યુપી એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. બાબાની રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અને ગેરકાયદેસર ધર્માંતરણના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. તેની ધરપકડ બાદ હવે ખુલાસાઓ થઈ રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બાબાએ ૧૫૦૦ થી વધુ હિન્દુ છોકરીઓનું ગેરકાયદેસર રીતે ધર્માંતરણ કરાવ્યું હતું. એવી આશંકા છે કે તેમના અનુયાયીઓમાં મહિલાઓની સંખ્યા વધુ હતી. હવે ATS ગેરકાયદેસર ધર્માંતરણનો ભોગ બનેલા લોકોને શોધી રહી છે. માહિતી અનુસાર, ચાંગુર બાબાએ યુપીના બલરામપુર આવતા પહેલા મહારાષ્ટ્રથી દુબઈ સુધી પોતાનું નેટવર્ક બનાવ્યું હતું.

## દિલ્હી સરકારનો મોટો નિર્ણય : સરકારી શાળાઓમાં દરેક વર્ગમાં અંગ્રેજી માધ્યમનો વિભાગ હશે

નવીદિલ્હી,તા.૧૦

દિલ્હી સરકારે જાહેરાત કરી છે કે વર્ષ ૨૦૨૫-૨૬ થી, રાષ્ટ્રીય રાજધાનીની બધી સરકારી શાળાઓમાં દરેક વર્ગમાં ઓછામાં ઓછો એક અંગ્રેજી માધ્યમનો વિભાગ હશે. આ પગલું એટલા માટે લેવામાં આવ્યું છે કારણ કે ઘણા માતા-પિતા ઈચ્છે છે કે તેમના બાળકો અંગ્રેજીમાં અભ્યાસ કરે, જે તેમને ભવિષ્યમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને ઉચ્ચ શિક્ષણનો અભ્યાસ કરવામાં મદદ કરશે.

શિક્ષણ નિયામક દ્વારા તમામ શાળાઓને વિદ્યાર્થીઓની રુચિ અને યોગ્યતાના આધારે અંગ્રેજી માધ્યમ વિભાગમાં પ્રવેશ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. આ માટે, શાળાઓએ પૂરતી અંગ્રેજી શિક્ષણ સામગ્રી પૂરી પાડવી પડશે અને અભ્યાસક્રમનો અસરકારક રીતે અમલ કરવો પડશે. પારદર્શિતા અને સુવ્યવસ્થિત પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે આ ફેરફારો સત્તાવાર રેકોર્ડ અને યુડીઆઈએસઈ પોર્ટલમાં પણ પ્રકાશિત કરવામાં આવશે. આ નીતિને સફળતાપૂર્વક અમલમાં મૂકવાની જવાબદારી જિલ્લા અને પ્રાદેશિક અધિકારીઓને પણ સોંપવામાં આવી છે.

# અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઘરમાં પણ સુરક્ષિત નથી : ઈરાની અધિકારીની ચેતવણી

વોશિગ્ટન,તા.૧૦



ઈરાની અધિકારીએ ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપી છે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં અમેરિકાએ ખુલ્લેઆમ ઈઝરાયલને ટેકો આપ્યો હતો. ઈઝરાયલની સાથે અમેરિકાએ પણ ઈરાનના પરમાણુ પ્લાન્ટ પર બોમ્બમારો કર્યો હતો. અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ઈરાન ગુસ્સે છે. હવે એક વરિષ્ઠ ઈરાની અધિકારીએ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ખુલ્લી ધમકી આપી છે.

એક ઈરાની અધિકારીએ ચેતવણી આપી છે કે ડોનાલ્ડ ટ્રમ્પ હવે તેમના ફ્લોરિડા સ્થિત ઘર, માર-એ-લાગોમાં સુરક્ષિત નથી. અધિકારીએ ધમકી આપી હતી કે તેમને (ટ્રમ્પ) સૂર્યસ્નાન કરતી વખતે પણ નિશાન બનાવી શકાય છે. ઈરાન ઈન્ટરનેશનલના અહેવાલ મુજબ, ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીના નજીકના સલાહકાર અને એક મોટા રાજકીય વ્યક્તિ જાવેદ લારીજાનીએ એક ટેલિવિઝન ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ટ્રમ્પના કાર્યોએ તેમને નિશાન બનાવ્યા છે. ઈન્ટરવ્યુ દરમિયાન, ઈરાની અધિકારી જાવેદ લારીજાનીએ કહ્યું હતું કે, "ટ્રમ્પે એવું કંઈક કર્યું છે કે હવે તેઓ તેમના નિવાસસ્થાનમાં સૂર્યસ્નાન પણ કરી શકતા નથી. જ્યારે તેઓ તડકામાં પેટના બળે સૂતા હોય છે, ત્યારે એક નાનું ડ્રોન આવીને તેમની નાભિને અથડાવી શકે છે.

# નાસામાંથી ૨૦૦૦ લોકોને કાઢી મૂકવામાં આવશે, કર્મચારીઓ માટે નિવૃત્તિ યોજના રજૂ કરી

વોશિગ્ટન,તા.૧૦




યુએસ સ્પેસ એજન્સી નાસા આ દિવસોમાં એક મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. અહેવાલ છે કે નાસા તેના લગભગ ૨૧૪૫ કર્મચારીઓને બહાર નીકળવાનો રસ્તો બતાવવાની તૈયારી કરી રહ્યું છે. અમેરિકન મીડિયા આઉટલેટ પોલિટિકોએ આ અંગે માહિતી આપી છે. એવું કહેવામાં આવ્યું છે કે કર્મચારીઓની છટણી બજેટમાં ઘટાડો કરવાની અને એજન્સીના કામને વધુ પ્રાથમિકતા આપવાની યોજનાનો એક ભાગ છે. નાસાના આ નિર્ણયથી વૈજ્ઞાનિક માળખા પર મોટી અસર થવાની ધારણા છે. પોલિટિકોના અહેવાલ મુજબ, જે કર્મચારીઓને કાઢી મૂકવામાં આવી રહ્યા છે તેમાંથી મોટાભાગના જીએસ-૧૩ થી જીએસ-૧૫ ગ્રેડના છે, જે યુએસ સરકારી સેવામાં વરિષ્ઠ પદ માનવામાં આવે છે. નાસાના પ્રવક્તા બેથની સ્ટીવન્સે રોઈટર્સને જણાવ્યું હતું કે, "અમે અમારા મિશન માટે પ્રતિબદ્ધ છીએ, પરંતુ હવે અમારે મર્યાદિત બજેટમાં પ્રાથમિકતાઓ નક્કી કરવી પડશે." તમને જણાવી દઈએ કે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન, નાસા અને અમેરિકાની અવકાશ નીતિમાં ઘણા ફેરફારો થયા છે. આનાથી નાસાના ૧૮ હજાર કર્મચારીઓની ટીમ પર પણ અસર પડી છે. ટ્રમ્પે અબજોપતિ અને સ્પેસએક્સના સમર્થક જેરેડ આઈઝેકમેનને નાસાના નવા એડમિનિસ્ટ્રેટર તરીકે નોમિનેટ કર્યા હતા.

### ગત ઓક્ટોબર મહિનામાં થયેલ નુકસાની સામે સરકારે વળતર જાહેર કર્યું

# કપાસના પાકમાં સહાય, મગફળી-સોયાબીનનું શું ??

અમરેલી, તા.૧૦

ગત વર્ષે ચોમાસા દરમિયાન ઓક્ટોબર માસમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને પારાવાર નુકસાની ભોગવવાનો વારો આવ્યો હતો. ઓક્ટોબર મહિનામાં પડેલા સતત વરસાદના કારણે કપાસ, મગફળી, સોયાબીન જેવા પાકોમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું જેના કારણે ખેડૂતોએ સરકાર પાસેથી સહાય મળે તેવી માંગ પણ કરી હતી. ગત ઓક્ટોબર માસમાં જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે ખેતીનો તૈયાર થયેલો માલ બગડ્યો હતો. તેની સામે રાજ્ય સરકાર દ્વારા નુકસાની વળતરની જાહેરાત કરવામાં આવી છે જેમાં સમગ્ર રાજ્યમાં ફક્ત કપાસના પાક સામે જ વળતરની જાહેરાત થઈ છે. ઓક્ટોબર માસમાં પડેલા વરસાદને કારણે ઘણા ખેડૂતોના મગફળીના પાથરા પણ તણાયા હોવાના ઘટના બની હતી તેમ છતાં પણ સરકાર દ્વારા ફક્ત કપાસના પાક સામે જ વળતર સહાય ચૂકવવાની જાહેરાત થઈ હોય તો મગફળી, સોયાબીન અને તલ પકવતા ખેડૂતોને શું? તેઓ પ્રશ્ન પણ જિલ્લાના ખેડૂતો ઉઠાવી રહ્યા છે. એક જ માસમાં એક જ સાથે પડેલા વરસાદને કારણે એક પાકને નુકસાની થાય અને બીજા પાકને નુકસાની ન થાય તે કેવી નીતિ? રાજ્ય સરકારે આ અંગે તાત્કાલિક પગલાં લઈ અને મગફળી, સોયાબીન, તલ પકવતા ખેડૂતોને પણ નુકસાની વળતર ચૂકવવું જોઈએ તેવી ખેડૂતોમાંથી માંગ ઉઠી છે.

#### અમરેલી જિલ્લાના મોટાભાગના ગામો સહાયમાંથી બાકાત

ગત વર્ષે ઓક્ટોબર મહિનામાં ભારે વરસાદના કારણે જિલ્લાના ખેડૂતોને નુકસાની સહન કરવાનો વારો આવ્યો હતો. ત્યારબાદ તંત્ર દ્વારા સર્વે કરવાના નાટક પણ કરવામાં આવ્યા હતા. આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યા પ્રમાણે અમરેલી જિલ્લામાં ૬૫૦ ગામની સામે ફક્ત ૨૦૦ જેવા ગામમાં જ સહાય જાહેર થઈ છે ત્યારે જિલ્લાના બાકીના ગામોનું શું,??? આ ખેડૂતોને સહાય મળશે કે કેમ તે પણ એક પ્રશ્ન છે.

#### કપાસમાં રૂ. ૧૧૦૦૦ પ્રતિ હેક્ટર સહાય જાહેર

રાજ્યમાં ઓક્ટોબર-૨૦૨૪ માં થયેલ ભારે વરસાદના કારણે અમરેલી જિલ્લામાં કપાસના ઊભાં પાકને વ્યાપકપણે નુકસાન થયું હતું. ખરીફ સિઝનમાં અમરેલી જિલ્લામાં કપાસના પાકનું નોંધપાત્ર વાવેતર થયેલુ હતું જેને ભારે વરસાદ થવાને કારણે વિપરીત અસર થતા ખેડૂતોને મોટો આર્થિક ફટકો પડ્યો હતો. જે સંદર્ભે ખેડૂતોની રજૂઆત પરત્વે વ્યાપક નુકસાની અંગે રાજય સરકારે ખેડૂતોની મુશ્કેલીને ધ્યાને લઈ આર્થિક સહાય મળે તે માટે રાજય સરકારે ખરીફ ૨૦૨૪-૨૫ ઋતુના વાવેતર કરેલ કપાસના પાકમાં ૩૩% કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ વાવેતર વિસ્તારની મર્યાદામાં પ્રતિ હેકટર મળવાપાત્ર રૂ.૮,૫૦૦/-ની સહાય તેમ જ રાજ્ય બજેટ હેઠળ રૂ.૨૫૦૦/- એમ કુલ રુ.૧૧,૦૦૦/- પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨(બે) હેકટરની મર્યાદામાં સહાયની જાહેરાત કરેલ છે.

### મગફળી અને સોયાબીનના પાથરા તણાયા હોવા છતાં સહાયમાંથી બાકાત

## સૌરાષ્ટ્રમાં મેળાના ફોર્મ ભરવાનો આજે અંતિમ દિવસ, ૨૩૮માંથી માત્ર ૨૫ ફોર્મ ભરાયા

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧૦

રાજકોટમાં દર વર્ષે ઓગસ્ટમાં જન્માષ્ટમી નિમિત્તે જાહેર મેળો યોજાય છે, પરંતુ આ વખતે એસઓપીના કારણે જાહેર મેળો મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. એસઓપીમાં રાહત ન હોવાને કારણે, રાઈડ સંચાલકોએ ફોર્મ સબમિટ કર્યા નથી અને હરાજીમાં ભાગ ન લેવાનું મન બનાવી લીધું છે. જેના કારણે તેઓએ એક પણ ફોર્મ ભર્યું નથી અને પરત કર્યું નથી. તેથી, રાઈડર્સ વિના મેળો યોજવો પણ વહીવટીતંત્ર માટે એક પડકાર છે. આજે ફોર્મ ભરવા અને પરત કરવાનો છેલ્લો દિવસ છે. ૨૩૮ માંથી માત્ર ૨૫ ફોર્મ ભરાયા છે. રાઈડર્સ વિના જાહેર મેળો યોજવા અંગે વહીવટીતંત્રમાં ઉતાવળ છે. રાઈડ સંચાલકોએ ફોર્મ ભર્યા નથી અને તેમની માંગણી પર અડગ રહ્યા છે, તેથી વહીવટીતંત્રે પ્લાન બી તૈયાર કર્યો છે.

## મહેસાણામાં આવેલા બાળ ઓબ્ઝર્વેશન હોમમાંથી ૬ કિશોર ફરાર થતાં દોડધામ

(એચ.એસ.એલ),મહેસાણા,તા.૧૦

મહેસાણાના બાળ સુરક્ષા ગૃહમાંથી છ કિશોરો ભાગી ગયા હોવાની ઘટના સામે આવી છે. કાયદાના સંઘર્ષમાં રહેલા ૬ કિશોરો ફરાર થઈ ગયા છે. સુરક્ષા ગાર્ડને ધક્કો મારીને છટકી ગયા હોવાની માહિતી સામે આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે દોઢ વર્ષમાં આ પ્રોટેક્શન હોમમાં આ ત્રીજી ઘટના છે. ખાસ વાત એ છે કે એક કે બે સુરક્ષા ગાર્ડની નિગરાનીમાં લગભગ ૬૦ કિશોરોને રાખ્યા છે. સુરક્ષા વધારવાની સૂચના આપવામાં આવી છે, પરંતુ તેનો અમલ થઈ રહ્યો નથી. બાળ સુરક્ષા ગૃહના અધિક્ષક પાસેથી રિપોર્ટ માંગવામાં આવ્યો છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસ અને વહીવટીતંત્ર હરકતમાં આવ્યું છે. પોલીસે CCTVના આધારે પણ સઘન તપાસ શરૂ કરી છે. હત્યા અને બળાત્કારના આરોપમાં કાયદાના સંઘર્ષમાં રહેલા ૫ કિશોરો ફરાર થઈ ગયા છે.



## પાટણના સિદ્ધપુરમાં સિવિલ હોસ્પિટલમાં તબીબની બેદરકારીને લીધે બાળકનું મોત

(એચ.એસ.એલ),પાટણ,તા.૧૦



સિદ્ધપુર શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલમાં તબીબની બેદરકારીએ માસુમ બાળકનો ભોગ લીધો. માસુમ બાળકની તબિયત લથડી અને બાળકને શરીરમાં ઓક્સિજનની કમી હતી ત્યારે સિવિલ હોસ્પિટલમાં બાળકને સમયસર ઓક્સિજન આપવામાં ન આવતા બાળકનું મોત થયું હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. જોકે સિવિલ હોસ્પિટલમાં સમયસર સારવાર ના મળી હોવાનું પ્રકાશમાં આવી રહ્યું છે ત્યારે આ બાબતની ગંભીરતાને લઈને હોસ્પિટલ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## ગુજરાત રાજ્યમાં ગુરૂપૂર્ણિમાના દિવસે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

અમદાવાદ,તા.૧૦

ગુરુપૂર્ણિમા નિમિત્તે રાજ્યમાં આવેલા મોટા મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. નડિયાદના સંતરામ મંદિર, પંચમહાલના પાવાગઢ, અંબાજી, દ્વારકા, ડાકોર, શામળાજી સહિતના પ્રસિદ્ધ તીર્થસ્થાન ખાતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળી હતી. ખેડા જિલ્લાના નડિયાદમાં આવેલા સંતરામ મંદિર ખાતે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો સંતરામ બાપાના આશીર્વાદ લેવા માટે આવ્યા હતા. આ ઉપરાંત, ખેડૂતોએ પ્રથમ પાક સંતરામ બાપાને અર્પણ કરીને ધન્યતા અનુભવી હતી.







અરવલ્લીના શામળાજી ખાતે શામળિયા શેઠના દર્શન કરવા ગુરુવારે ગુરુપૂર્ણિમાના દિવસે વહેલી સવારથી જ ભક્તોનો ઘસારો જોવા મળ્યો હતો. ગુરુપૂર્ણિમા નિમિત્તે ભગવાન શામળિયાને વિશેષ શણગાર કરવામાં આવ્યો. જ્યારે મંદિર પરિસર શામળિયાના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

## વડોદરા-આણંદ પુલ અકસ્માતમાં મૃત્યુઆંક ૧૫ થયો, ત્રણ હજુ પણ ગુમ

વડોદરા,તા.૧૦

ગુજરાતમાં વડોદરા અને આણંદને જોડતો પુલ તૂટી પડ્યા બાદ, અત્યાર સુધીમાં મહિસાગર નદીમાંથી ૧૫ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. આમાંથી ગુરુવારે બે મૃતદેહ નદીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે બુધવારે જ ૧૩ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં એક જ પરિવારના ઘણા સભ્યોએ જીવ ગુમાવ્યા છે. હવે આ અકસ્માતમાં મૃત્યુઆંક ૧૫ થઈ ગયો છે. વડોદરા કલેક્ટર અનિલ ધામેલિયાએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ત્રણ લોકો હજુ પણ ગુમ છે. તેમણે કહ્યું કે એનડીઆરએફ અને એસડીઆરએફ ટીમો નદીમાં પીડિતોના મૃતદેહો શોધી રહી છે. ધામેલિયાએ જણાવ્યું હતું કે, એનડીઆરએફ અને એસડીઆરએફ ટીમો નદીના ૪ કિમી નીચે સુધી શોધ કામગીરી ચલાવી રહી છે.



## ભેંસાણ : મા અમર શૈક્ષણિક સંકુલના આચાર્ય, ગૃહપતિ અઢી દિવસના રિમાન્ડ પર

ભેંસાણ,તા.૧૦

ભેંસાણ નજીક આવેલી મા અમર શૈક્ષણિક સંકુલમાં વિદ્યાર્થીઓ સાથે અભદ્ર કૃત્ય કેસમાં પોલીસ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. પ્રિન્સિપાલ કેવલ લાખનોત્રા અને ગૃહપતિ હિરેન જોશીને ૯ જુલાઈએ વિસાવદર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં પોલીસે પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. મોડી સાંજ સુધી કાર્યવાહી ચાલી હતી. સુનાવણીમાં કોર્ટે બંને આરોપીઓને અઢી દિવસના રિમાન્ડ પર મોકલ્યા છે.



જિલ્લા શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાયની ટીમે કરેલી પ્રાથમિક તપાસમાં આક્ષેપો સાચા હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, સંસ્થાના ૨૫થી વધુ વિદ્યાર્થીઓ પર પણ આવી જ રીતે અભદ્ર વર્તન થવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય : આવાસ યોજનામાં વધારાની સહાય

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલ દ્વારા ગ્રામ્ય વિસ્તારના નાગરિકોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) હેઠળના લાભાર્થીઓને હવે રાજ્ય સરકાર દ્વારા વધારાની રૂ.૫૦,૦૦૦/- ની સહાય પૂરી પાડવામાં આવશે. આ સાથે, નાગરિકોને ચાર તબક્કામાં કુલ રૂ.૧,૭૦,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવશે. ચાલુ વર્ષના બજેટમાં રૂ.૧,૧૦,૦૦૦/- લાભાર્થીઓ માટે રૂ.૫૫૦/- કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં રૂ.૧૧,૬૦૬/- લાભાર્થીઓને રૂ.૫૮/- કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. આ નિર્ણયનો હેતુ ગ્રામીણ વિસ્તારના ઘરવિહોણા પરિવારોને પોતાનું ઘર બનાવવામાં મદદ કરવાનો છે.

## મહેસાણામાં ૪૦ ટકા જમીન કપાતના નવા નિયમોના વિવાદને લઈ ભારતીય કિસાન સંઘ મેદાને

મહેસાણા,તા.૧૦

મહેસાણા નગરપાલિકાને મહાનગરપાલિકા જાહેર કર્યા બાદ આસપાસ ૧૪થી વધુ ગામોનો સમાવેશ મહાનગરપાલિકામાં કરવામાં આવ્યો છે. મહેસાણા મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવેલા ગામડાઓની જમીન રાજ્ય સરકારના ડી ટુ એ સ્કીમના કાયદા હેઠળ આવરી લેવામાં આવી છે. મહાનગરપાલિકાના ડી ટુ એ નિયમ મુજબ ખેડૂતોની ૪૦ ટકા જમીન કપાતમાં લેવાના નિર્ણયથી મહેસાણા મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવેશ થયેલા ગામોના ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાઈ ગયો છે.






## ગુજરાત કોંગ્રેસના નેતાઓને દિલ્હીનું તેડું, કોંગ્રેસને બેઠી કરવા અંગે ચર્ચા કરાશે

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૦

શક્તિસિંહ ગોહિલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યા બાદ, ગુજરાત કોંગ્રેસના નેતાઓને ગુરૂવારે દિલ્હી બોલાવવામાં આવ્યા છે. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં એક બેઠક યોજાવાની છે. જેમાં ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખો અને વિપક્ષી નેતાઓ સાથે બેઠક યોજાશે. આ બેઠકમાં નવા પ્રદેશ પ્રમુખની ચર્ચા થઈ શકે છે. દિલ્હીમાં યોજાનારી બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ભૂતપૂર્વ પ્રમુખો, ભૂતપૂર્વ વિપક્ષી નેતાઓ સહિત નેતાઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાશે. ગેનીબેન ઠાકોર અને શૈલેષ પરમાર પણ બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હી જવા રવાના થયા છે. શક્તિસિંહ ગોહિલના રાજીનામા બાદ, નવા પ્રમુખની પસંદગી અંગે મહત્વપૂર્ણ ચર્ચા થશે. આ બેઠકમાં ભરતસિંહ સોલંકી, અમિત ચાવડા, સિદ્ધાર્થ પટેલ, પરેશ ધાનાણી, શક્તિસિંહ ગોહિલ, ગેનીબેન ઠાકોર, શૈલેષ પરમાર હાજર રહેશે.



